સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 16**

[11/04/21 to 17/04/21]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**11 APR-2021**

- દિવસ મહિમા, 11 એપ્રિલ, રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ ..... 02
- ભારતમાં COVID-19 રસીકરણ અભિયાન માટે સમગ્ર ભારતમાં 'ટીકા ઉત્સવ' ની શરૂઆત ..... 02
- ઓડિશાએ શરૂ કર્યું 'માસ્ક અભિયાન' (Mask Abhiyan) ..... 03
- QUESTION ANSWERS ..... 04

**12 APR-2021**

- દિવસ મહિમા, 12 એપ્રિલ, વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ (International Day of Human Space Flight) ..... 05
- કેન્દ્ર સરકારે રેમડેસિવિર (Remdesivir) ની નિકાસ પર પ્રતિબંધ લગાવ્યો ..... 06
- E-9 દેશોના શિક્ષણ મંત્રીઓની પરામર્શ બેઠક ..... 06
- લીલાવતી એવોર્ડ -2020 ..... 07
- QUESTION ANSWERS ..... 09

**13 APR-2021**

- જલિયાવાલા બાગ હત્યાકાંડની 102મી વર્ષગાંઠ ..... 11
- શાંતિર ઓગ્રોશેના (Shantir Ogroshena) લશ્કરી કવાયતની સફળતાપૂર્વક સમાપ્તી ..... 12
- ભારતના નવા મુખ્ય ચૂંટણી કમિશનર ..... 13
- QUESTION ANSWERS ..... 15

**14 APR-2021**

- દિવસ મહિમા : 14 એપ્રિલ, (1) સમરસત્તા દિવસ (ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ) (2) રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન ..... 17
- નીતિ આયોગે આરોગ્ય અને પોષણ વિષયક ડિજિટલ ફંડ 'પોષણ જ્ઞાન' (Poshan Gyan) શરૂ કર્યું ..... 20
- ડો. રાજેન્દ્ર કુમારની વિશ્વ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરના સલાહકાર તરીકે નિમણૂક ..... 21
- QUESTION ANSWERS ..... 22

**15 APR-2021**

- નાગાલેન્ડના સ્થાનિક નાગરિકોનું રજિસ્ટર (RIIN) ..... 24
- એશિયાના વિકાસ દર પર IMFનું અનુમાન ..... 25
- ભારતમાં ગોલ્ડ જ્વેલરી માટે હોલમાર્ક ફરજિયાત ..... 26
- QUESTION ANSWERS ..... 28

**16 APR-2021**

- દિવસ મહિમા : 16 એપ્રિલ, World Voice Day ..... 29
- 'આતંકવાદીઓ દ્વારા ઈન્ટરનેટનો દુરુપયોગ' અંગે BRICS દેશોનો સેમિનાર ..... 29
- ભારતનું પ્રથમ સમાનવ અંતરિક્ષ મિશન 'ગગનયાન' અંગે ISROએ ફ્રાન્સ સાથે કરાર કર્યા ..... 30
- વન ડે ક્રિકેટના 50 વર્ષ પૂર્વ નિમિત્તે 'વિઝડન' દ્વારા પ્રત્યેક દાયકાના શ્રેષ્ઠ ક્રિકેટરોની જાહેરાત કરી ..... 31
- QUESTION ANSWERS ..... 32

**17 APR-2021**

- દિવસ મહિમા, 17 એપ્રિલ, વિશ્વ હિમોફિલિયા દિવસ ..... 33
- ઓડિશામાં ડોલ્ફિન માછલી ની વસતી ગણતરી ..... 33
- દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના ..... 34
- વિશ્વમાં ઇન્ટરનેટના ડેટા અંગે બ્રિટિશ કંપની કેબલનો રિપોર્ટ ..... 35
- QUESTION ANSWERS ..... 37

**ONE LINER** ..... 38

**QUESTION OF THIS WEEK** ..... 40



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા, 11 એપ્રિલ, રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ

ભારતમાં દર વર્ષે **11 એપ્રિલના** રોજ **'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ'** ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ **2003**થી થયો હતો તથા આ દિવસની ઉજવણી કરનાર ભારત વિશ્વનો **પ્રથમ** દેશ છે.
- ભારતમાં પ્રસૂતિ દરમિયાન માતૃ મૃત્યુદરમાં ઘટાડો કરવા માટે જાગૃતિ ફેલાવવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- નોંધનીય છે કે, **કસ્તૂરબા ગાંધી**ની યાદમાં તેમનો જન્મદિન **11 એપ્રિલ** **'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ'** તરીકે ઉજવાય છે.


**નોંધ :** કસ્તૂરબાનો જન્મ **11 એપ્રિલ, 1869**ના રોજ ગુજરાતના **પોરબંદર** ખાતે થયો હતો.

## ભારતમાં COVID-19 રસીકરણ અભિયાન માટે સમગ્ર ભારતમાં 'ટીકા ઉત્સવ' ની શરૂઆત

11 એપ્રિલ, 2021ના રોજ ભારતમાં COVID-19 રસીકરણ માટે દેશભરમાં **'ટીકા ઉત્સવ'** ની શરૂઆત થઈ હતી.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ **'ટીકા ઉત્સવ'** રસીકરણ અભિયાનને એક તહેવાર તરીકે ગણાવ્યો હતો તથા તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને **'ટીકા ઉત્સવ'** યોજવાની અપીલ પણ કરી હતી.

### ટીકા ઉત્સવ વિશે




ટીકા ઉત્સવ (Teeka Utsav) એ રસીકરણ અભિયાન માટેનો તહેવાર છે. જે **11 એપ્રિલથી, 14 એપ્રિલ 2021** એટલે કે 4 દિવસ સુધી ઉજવવામાં આવ્યો હતો.

- આ ચાર દિવસ એટલે કે **મહાત્મા જ્યોતિરાવ ફૂલે**ની જન્મજયંતિ (11 એપ્રિલ)થી **ડો. બાબાસાહેબ આંબેડકર**ની જન્મજયંતિ (14 એપ્રિલ)સુધી ચાલુ રહ્યો હતો.
- આ ઉત્સવનો મુખ્ય ઉદ્દેશ વધુને વધુ લોકોને રસી આપવાનો છે.
- વડાપ્રધાનશ્રીએ 'ટીકા ઉત્સવ'ના આ ચાર દિવસ દરમિયાન વ્યક્તિગત, સામાજિક અને વહીવટી તંત્રના સ્તરે એક લક્ષ્યાંક બનાવવાની અને દઢપણે તેને પ્રાપ્ત કરવાના પ્રયાસ હાથ ધરવાની હાકલ કરી હતી.

### ભારતમાં COVID-19 રસીકરણ અભિયાન

વર્તમાનમા, ત્રણ રાજ્યો મહત્તમ COVID-19ના ડોઝ પ્રાપ્ત કરી રહ્યા છે જેમાં **મહારાષ્ટ્ર, રાજસ્થાન** અને **ગુજરાત**નો સમાવેશ થાય છે.

- **COVAXIN** અને **COVISHIELD** એ ભારતમાં હાલમાં ઉપયોગમાં લેવામાં આવતી બે મોટી COVID-19 રસી છે.
- અત્યાર સુધીમાં ભારતે 64 મિલિયન ડોઝ **કેરેબિયન**, **આફ્રિકા** અને **એશિયા**ના 84 દેશોમાં મોકલ્યા છે.
- ભારતીય COVID-19 રસીના મુખ્ય પ્રાપ્તકર્તા દેશોમાં **મેક્સિકો**, **કેનેડા** અને **બ્રાઝિલ**નો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### COVAXIN

COVAXIN એ ભારત સરકારની આધારભૂત રસી છે. આ રસીનું **'ભારત બાયોટેક'** નામની કંપની દ્વારા નિર્માણ કરવામાં આવે છે તથા તેનો અસરકારકતા દર **81%** છે.

- COVAXIN રસી બે ડોઝમાં આપવામાં આવે છે તથા આ બે ડોઝ વચ્ચેનો સમયગાળો **ચાર અઠવાડિયાનો** છે.
- આ રસીને મૃત COVID-19 વાઈરસથી તૈયાર કરવામાં આવી હતી.

### COVISHIELD

COVISHIELD રસી **એસ્ટ્રાઝેનેકા** (Astrazeneca) દ્વારા બનાવવામાં આવે છે.

- સ્થાનિક રીતે, આ રસીનું નિર્માણ ભારતની **સીરમ ઈન્સ્ટિટ્યૂટ** દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- આ રસી **ચિમ્પાન્ઝીના એડેનોવાઈરસ** નામના સામાન્ય **કોલ્ડ વાઈરસના** નબળા સંસ્કરણથી બનાવવામાં આવી છે આ રસીને પણ બે ડોઝમાં આપવામાં આવે છે.

## ઓડિશાએ શરૂ કર્યુ 'માસ્ક અભિયાન' (Mask Abhiyan)

ઓડિશાના મુખ્યમંત્રી **શ્રી નવીન પટનાયકે** તાજેતરમાં COVID-19 ફેલાવો રોકવા માટે 14 દિવસનું **'માસ્ક અભિયાન'** શરૂ કર્યુ છે.

### માસ્ક અભિયાન વિશે

આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ માસ્કના ઉપયોગની ટેવમાં બદલાવ લાવવાનો છે. તથા COVID-19ના વર્તમાનમાં વધતા જતા કેસોને નિયંત્રિત કરવામાં ઘણી મોટી ભૂમિકા ભજવશે.

- ઓડિશા રાજ્યની સરકાર દ્વારા માસ્કના નિયમનો ભંગ કરનારાઓ માટેનો દંડ **રૂ. 1,000 થી વધારીને રૂ. 2,000** કરવામાં આવ્યો છે.
- ઓડિશા સરકારે **'મહામારી રોગ અધિનિયમ, 1897'** હેઠળ COVID-19ના નિયમોમાં પણ સુધારો કર્યો હતો.
- નોંધનીય છે કે, જાહેર સ્થળોએ માસ્ક ન પહેરનારા લોકોને પ્રથમવાર ઉલ્લંઘન બદલ **રૂ. 2,000** સુધીનો દંડ કરવામાં આવશે. જ્યારે બીજી વખત ઉલ્લંઘન કરવામાં આવશે ત્યારે લોકોને **રૂ. 5,000** નો દંડ થશે.

### કયા કાનૂની કારણોસર ઓડિશા સરકારે દંડ ફટકાર્યો છે

મે, 2020માં કેન્દ્ર સરકારે રાજ્યોને **'મહામારી રોગ અધિનિયમ'** લાગુ કરવા નિર્દેશ આપ્યો હતો.

- આ અધિનિયમ રાજ્યો સરકારોને મહામારી દરમિયાન વિશેષ પગલાં લેવાની સત્તા આપે છે.
- આથી, આ જોગવાઈઓ હેઠળ ઓડિશા સરકારે દંડની રજૂઆત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહામારી અધિનિયમ, 1897 વિશે

નોંધનીય છે કે ભારતના ગવર્નર જનરલની કાઉન્સિલના સભ્ય **શ્રી જે. વુડબર્ન** (J Wood burn) **'બ્લેક ડેથ'** તરીકે ઓળખાતા બ્યૂબોનિક પ્લેગના પ્રકોપ દરમિયાન **28 જાન્યુઆરી, 1897**ના રોજ પ્રથમ વખત 'મહામારી રોગ અધિનિયમ' રજૂ કર્યો હતો.

- આ અધિનિયમમાં કહેવામાં આવ્યું હતું કે મ્યુનિસિપલ સંસ્થાઓ, છાવણીઓ અને અન્ય સ્થાનિક સરકારો પાસે મહામારી જેવી પરિસ્થિતિઓ સાથે કામ કરવાની સત્તા છે.
- **જેમ્સ વેસ્ટલેન્ડ**ની અધ્યક્ષતાવાળી એક પસંદગી સમિતિને આ અધિનિયમ મોકલવામાં આવ્યો હતો. તેઓએ, **ફેબ્રુઆરી, 1897**ના રોજ પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો અને ટૂંકમાં ચર્ચા કર્યા બાદ તે જ દિવસે આ અધિનિયમ પસાર કરવામાં આવ્યો હતો.
- આ અધિનિયમમાં કુલ **ચાર** વિભાગો છે. જેમાં સમય અનુસાર ઘણી વખત સુધારા કરવામાં આવ્યા છે.

## મહામારી અધિનિયમ, 1897ની કલમ-2

મહામારી અધિનિયમ, 1897ની **કલમ-2**માં જણાવ્યું છે કે, સમગ્ર રાજ્યમાં કે રાજ્યના કોઈભાગમાં રોગચાળો ફાટી નીકળે તો રાજ્ય રોગના પ્રકોપ અથવા ફેલાવાને રોકવા માટે જરૂરી પગલા લઈ શકે છે.

**નોંધ :** કેન્દ્ર સરકારે તાજેતરમાં આ અધિનિયમમાં સુધારો કરતા કહ્યું હતું કે તબીબી સેવા કર્મચારીઓ વિરુદ્ધ હિંસા કરનાર સામે ગુનો નોંધાશે અને આરોપીને **ત્રણ મહિના** થી **5 વર્ષની કેદ** સુધીની સજા થશે. આ ઉપરાંત **2 લાખ રૂપિયા** સુધીના દંડની પણ જોગવાઈ કરવામાં આવી હતી.

ICE FOR COMPETITIVE EXAMS



1. ભારતમા દર વર્ષે કયા દિવસને 'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્ત્વ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?
(A) 10 એપ્રિલ (B) 11 એપ્રિલ (C) 12 એપ્રિલ (D) 13 એપ્રિલ (B)

2. 'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્ત્વ દિવસ'ની ઉજવણીનો પ્રારંભ ભારતમાં કયા વર્ષથી થયો હતો ?
(A) વર્ષ 2003 (B) વર્ષ 1999 (C) વર્ષ 2007 (D) વર્ષ 1996 (A)

3. ભારતમાં કોના જન્મદિવસને 'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્ત્વ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?
(A) શ્રીમતી સરોજિની નાયડુ (B) શ્રીમતી સુચેતા કૃપલાણી
(C) શ્રીમતી સાવિત્રીબાઈ ફૂલે (D) શ્રીમતી કસ્તૂરબા ગાંધી (D)

4. શ્રીમતી કસ્તૂરબા ગાંધીનો જન્મ 11 એપ્રિલ, 1869ના રોજ ગુજરાતના .............. સ્થળે થયો હતો.
(A) માણાવદર (B) પોરબંદર (C) વંથલી (D) નવીબંદર (B)

5. ભારતમાં COVID-19 રસીકરણ અભિયાન માટે તાજેતરમાં કઈ ઉત્સવની શરૂઆત કરવામાં આવી છે ?
(A) ટીકા ઉત્સવ (B) કોવિડ ઉત્સવ (C) સેવા ઉત્સવ (D) યુથ ટીકા ઉત્સવ (A)

6. ટીકા ઉત્સવ કેટલા દિવસ સુધી ઉજવવામાં આવ્યો હતો ?
(A) 11 એપ્રિલથી 14 એપ્રિલ (B) 12 એપ્રિલથી 16 એપ્રિલ
(C) 11 એપ્રિલથી 16 એપ્રિલ (D) 12 એપ્રિલથી 17 એપ્રિલ (A)

7. ભારતમાં વર્તમાનમાં COVID-19ની કઈ રસીનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) COVAXIN (B) COVISHIELD
(C) (A) અને (B) બંને (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (C)

8. 'COVAXIN' અને 'COVISHIELD' રસી વ્યક્તિને કેટલા ડોઝમાં આપવામાં આવે છે ?
(A) 1 (B) 2 (C) 3 (D) 4 (B)

9. તાજેતરમાં કયા રાજ્યએ 'માસ્ક અભિયાન'ની શરૂઆત કરી છે ?
(A) રાજસ્થાન (B) હરિયાણા (C) કેરળ (D) ઓડિશા (D)

10. ઓડિશા સરકારે શરૂ કરેલ 'માસ્ક અભિયાન' વિશે નીચેના પૈકી કયા વિધાન / કયું વિધાન સાચા / સાચું છે ?
1. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ માસ્કના ઉપયોગની ટેવમાં બદલાવ લાવવાનો છે.
2. માસ્કના નિયમનો ભંગ કરનારાઓ માટેનો દંડ રૂ. 1000 થી વધારીને રૂ. 2000 કરવામાં આવ્યો છે.
3. ઓડિશા સરકારે 'મહામારી રોગ અધિનિયમ, 1897' હેઠળ આ નિયમોમાં સુધારો કર્યો હતો.
(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) 1, 2 અને 3 (D) ફક્ત 1 (C)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા, 12 એપ્રિલ, વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ (International Day of Human Space Flight)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **12 એપ્રિલ**ના રોજ **'વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ'** તરીકે ઉજવણી કરવામાં આવે છે.

- નોંધનીય છે કે એપ્રિલ, **2011**માં યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીએ 12 એપ્રિલને **'વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ'** તરીકે ઉજવવાનો ઠરાવ પસાર કર્યો હતો.
- **12 એપ્રિલ, 1961** એ **સોવિયત નાગરિક યુરી ગાગરીન** દ્વારા કરવામાં આવેલી પ્રથમ માનવ અવકાશ ઉડાનની તારીખ હતી.
- આથી, આ ઐતિહાસિક દિવસની યાદમાં દર વર્ષે 'વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## કેન્દ્ર સરકારે રેમડેસિવિર (Remdesivir) ની નિકાસ પર પ્રતિબંધ લગાવ્યો

કેન્દ્ર સરકારે **રેમડેસિવિર (Remdesir) ઈન્જેક્શન** અને **રેમડેસિવિર એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ (API)**ની નિકાસ પર પ્રતિબંધ લગાવ્યો છે.

- ભારતમાં COVID-19ના વધતા સંક્રમણ વચ્ચે ઈન્જેક્શનની અછત અને વધતી માંગના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે જ્યાં સુધી દેશમાં હાલત સુધરે નહીં ત્યાં સુધી પ્રતિબંધ રહેશે.

### રેમડેસિવિર વિશે

કોરોનાને કાબુમાં લેવા અપાતી વિવિધ દવાઓમાં એક દવા રેમડેસિવિર છે. આ દવા પ્રવાહી છે અને ઈન્જેક્શન સ્વરૂપે આપવામાં આવે છે.

- આ એક એન્ટિવાઈરલ દવા છે એટલે કે વાઈરસને મારવાનું કામ કરે છે.
- મૂળ રીતે આ દવા **હિપેટાઈટિસ-બી (કમળો)**ના વાઈરસ માટે શોધવામાં આવી હતી. તથા **વર્ષ 2014**માં **ઈબોલા વાઈરસ** ઉત્પન્ન થયો હતો ત્યારે પણ આ દવાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- જે દર્દીઓને ઓક્સિજનની તકલીફ ન હોય તેમને આ દવા અપાતી નથી પરંતુ જે દર્દી ઓક્સિજન પર હોય એવા દર્દીઓને આ ઈન્જેક્શન આપવાનો ડોક્ટર આગ્રહ રાખતા હોય છે.

## E-9 દેશોના શિક્ષણ મંત્રીઓની પરામર્શ બેઠક

તાજેતરમાં E-9 ગ્રુપના દેશોના શિક્ષણ મંત્રીઓની એક પરામર્શ (મંત્રણા) બેઠક મળી હતી.

- આ બેઠક **'ટકાઉ વિકાસ લક્ષ્ય સંખ્યા-4'** (Sustainable Development Goal / SDG-4)ની દિશામાં પ્રગતિને વેગ આપવા માટે ડિજિટલ લર્નિંગના પ્રોત્સાહન સંબંધિત વિષયો પર યોજાઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## SDG-4 ની દિશામાં ઝડપી પ્રગતિ માટે 'ડિજિટલ લર્નિંગ સ્કેલિંગ'

યુનાઈટેડ નેશન્સ (UN) તમામ માટે ડિજિટલ શિક્ષણ અને કુશળતા સુનિશ્ચિત કરવા વૈશ્વિક પહેલનું નેતૃત્વ કરી રહ્યું છે. આ અંતર્ગત સીમાંત બાળકો અને યુવાનોને ડિજિટલ ઉપકરણોની નજીક લાવવા તથા શિક્ષણ પ્રણાલીઓમાં ઝડપી પરિવર્તન લાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

- આ પહેલનો મુખ્ય ઉદ્દેશ વર્ષ 2020માં મળેલી '<u>વૈશ્વિક શિક્ષા બેઠક</u>' (Global Education Meeting) ની પાંચ પ્રાથમિકતાઓમાંથી મુખ્ય ત્રણ પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.
- આ ત્રણ પ્રાથમિકતામાં '<u>શિક્ષકોનો સહયોગ</u>', '<u>કુશળતામાં રોકાણ</u>' અને '<u>ડિજિટલ વિભાજન ઘટાડવું</u>' નો સમાવેશ થાય છે.
- નોંધનીય છે કે E-9 દેશો ઓછામાં ઓછા સમયગાળામાં ડિજિટલ શિક્ષણ અને કુશળતા પર પ્રગતિ કરવા અને લાંબાગાળે SDG-4 પર વેગ મેળવવા માટે પ્રારંભિક કાર્યસૂચિ આપે છે.

## E-9 દેશો

<u>E-9</u> જૂથની સ્થાપના વર્ષ <u>1993</u>માં કરવામાં આવી હતી. જે યુનેસ્કોની પહેલ <u>'Education for All'</u> (તમામ માટે શિક્ષણ) હેઠળ રચના કરવામાં આવી હતી.

- E-9 દેશોમાં <u>ભારત, બાંગ્લાદેશ, બ્રાઝિલ, ચીન, ઈજિપ્ત, ઈન્ડોનેશિયા, મેક્સિકો, નાઈજિરિયા અને પાકિસ્તાન</u>નો સમાવેશ થાય છે.
- E-9 દેશો <u>'SDG-4 એજ્યુકેશન, 2030'</u> લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે કાર્ય કરી રહ્યા છે.
- આ અંતર્ગત વર્ષ 2030 સુધીમાં 17 લક્ષ્યો અને 169 વિશિષ્ટ લક્ષ્ય પ્રાપ્ત કરવાનો મુખ્ય ઉદ્દેશ ધરાવે છે.
- નોંધનીય છે કે E-9 પહેલ દિલ્હી ખાતે યોજાયેલી <u>EFA</u> સમિટમાં શરૂ કરવામાં આવી હતી.

નોંધ : (1) E-9 ના સભ્યો પણ હોય અને G-20ના સભ્યો પણ હોય તેવા દેશોમાં ભારત, ચીન, બ્રાઝિલ, ઈન્ડોનેશિયા અને મેક્સિકોનો સમાવેશ થાય છે.

(2) વર્ષ <u>1993</u>માં વિશ્વની <u>GDP</u>માં E9 દેશનો હિસ્સો માત્ર <u>5%</u> હતો જે વર્તમાન વિશ્વના GDPમાં <u>30%</u> હિસ્સો ધરાવે છે.

## લીલાવતી એવોર્ડ -2020

કેન્દ્રીય શિક્ષણ મંત્રી <u>શ્રી રમેશ પોખરીયલ 'નિશાંકે'</u> તાજેતરમાં દિલ્હી ખાતે 'મહિલા સશક્તિકરણ સંબંધિત <u>AICTE (All India Concil for Technical Education)</u> અંતર્ગતના <u>લીલાવતી એવોર્ડ 2020</u>નું વિતરણ કરવામાં આવ્યું હતું

- આ એવોર્ડ અંતર્ગત ટોચના ત્રણ વિજેતાઓને પ્રમાણપત્ર તેમજ ઈનામની રકમ આપવામાં આવશે
- જેમાં પ્રથમ ઈનામ વિજેતાને રૂ. <u>1 લાખ</u>, બીજા વિજેતાને રૂ. <u>75,000</u> અને ત્રીજા વિજેતાને રૂ. <u>50,000</u> ની રકમ આપવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લીલાવતી એવોર્ડ વિશે

લીલાવતી એવોર્ડ એ **AICTE (All India Council for Technical Education)** ની પહેલ છે.

- જેનો મુખ્ય ઉદ્દેશ AICTEની માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ દ્વારા મહિલાઓમાં **'સમાનતા અને ન્યાયપણા'** ને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવતા પ્રયત્નોને માન્યતા આપવાનો છે.
- 12મી સદીના ભારતીય ગણિતશાસ્ત્રી ભાસ્કર દ્વિતીય દ્વારા રચિત પુસ્તક **'લિલાવતી'** નામ પરથી આ એવોર્ડનું નામ રાખવામાં આવ્યું છે.
- લીલાવતી ભારતીય ગણિતશાસ્ત્રી **ભાસ્કર-2** ના પુત્રી હતા.

## લીલાવતી એવોર્ડ - 2020 વિશે

### થીમ

આ એવોર્ડની થીમ **'મહિલા સશક્તિકરણ'** છે.

### ઉદ્દેશ્ય

આ એવોર્ડનો મુખ્ય ઉદ્દેશ **સ્વચ્છતા, આરોગ્ય, પોષણ, સાક્ષરતા, રોજગાર, માર્કેટિંગ, ધિરાણ, નવીનતા, કૌશલ્ય વિકાસ અને મહિલા અધિકારો** જેવા મુદ્દાઓ વિશે જાગૃતિ લાવવાનો છે.

- આ એવોર્ડમાં મહિલાઓના આરોગ્ય, આત્મરક્ષણ, સાક્ષરતા અને કાનૂની જાગૃતિ સહિતના બહુ–શિસ્ત ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે.

નોંધ : (1) AICTE એ એક વૈધાનિક સંસ્થા છે જે તકનીકી શિક્ષણ અને રાષ્ટ્રીય સ્તરની એક પરિષદ છે.

(2) આ સંસ્થા ઉચ્ચ શિક્ષણ વિભાગ હેઠળ કાર્ય કરે છે.

(3) AICTE ની સ્થાપના **નવેમ્બર, 1945**માં કરવામાં આવી હતી.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ'ની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે ?
(A) 11 એપ્રિલ (B) 12એપ્રિલ (C) 14એપ્રિલ (D) 16 એપ્રિલ (B)

2. કયા વર્ષે યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીએ 12 એપ્રિલને 'વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ' તરીકે ઉજવવાનો ઠરાવ પસાર કર્યો હતો ?
(A) 2011 (B) 2016 (C) 2007 (D) 2009 (A)

3. સોવિયત નાગરિક યુરી ગાગરીન દ્વારા ક્યારે પ્રથમ માનવ અવકાશ ઉડાન ભરી હતી ?
(A) 11 એપ્રિલ, 1961 (B) 11 એપ્રિલ, 1969 (C) 11 એપ્રિલ, 1974 (D) 11 એપ્રિલ, 1980 (A)

4. તાજેતરમાં કેન્દ્ર સરકારે કઈ દવાની નિકાસ પર પ્રતિબંધ લગાવ્યો છે ?
(A) COVAXIN (B) COVISHIELD (C) Remdesivir (D) Hipatitis-B (C)

5. 'રેમડેસિવિર' ઈન્જેકશન અથવા દવા મૂળ રીતે કયા રોગના વાઈરસ સામે લડવા શોધવામા આવી હતી ?
(A) કોલેરા (B) કમળો (C) ગોઈટર (D) સ્વાઈન ફ્લૂ (B)

6. તાજેતરમાં કયા જૂથના શિક્ષણ મંત્રીઓની પરામર્શ બેઠક મળી હતી ?
(A) G-20 (B) E-5 (C) SAARC (D) E-9 (D)

7. E-9 દેશોના શિક્ષણ મંત્રીઓની બેઠક સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. આ બેઠક SDG-4 ની દિશામાં પ્રગતિને વેગ આપવા માટે ડિજિટલ લર્નિંગના પ્રોત્સાહન સંબંધિત વિષયો પર યોજાઈ હતી.
2. E-9 દેશો 'SDG-4 એજ્યુકેશન, 2030' લક્ષ્ય પ્રાપ્ત કરવાનો મુખ્ય ઉદ્દેશ ધરાવે છે.
3. આ અંતર્ગત વર્ષ 2030 સુધીમાં 17 લક્ષ્યો અને 169 વિશિષ્ટ લક્ષ્ય પ્રાપ્ત કરવાનો મુખ્ય ઉદ્દેશ ધરાવે છે.
(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

8. E-9 દેશો વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?
1. E-9ની સ્થાપના વર્ષ 1980માં કરવામાં આવી હતી.
2. આ જૂથની સ્થાપના યુનેસ્કોની પહેલ 'Education for All' હેઠળ રચના કરવામાં આવી હતી.
3. E-9 પહેલ દિલ્હી ખાતે યોજાયેલી EFA સમિટમાં શરૂ કરવામાં આવી હતી.
(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (B))

9. E-9 જૂથ (પહેલ)ની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી ?
(A) 1993 (B) 1996 (C) 1998 (D) 1999 (A)

10. E-9 ના સભ્યો પણ હોય અને G-20ના સભ્યો પણ હોય તેવા દેશના નામ જણાવો ?
(A) ભારત, ચીન, બ્રાઝિલ, ઈન્ડોનેશિયા, મેક્સિકો
(B) ભારત, ચીન, બ્રાઝિલ, નાઈજેરિયા, ઓસ્ટ્રેલિયા
(C) ભારત, ચીન, પાકિસ્તાન, જાપાન, બાંગ્લાદેશ
(D) ભારત, ચીન, કેનેડા, ઓસ્ટ્રલિયા, અમેરિકા (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


11. લીલાવતી એવોર્ડ હેઠળ પ્રમાણપત્ર સાથે પ્રથમ વિજેતાને કેટલી રકમનું પુરસ્કાર આપવામાં આવે છે ?
(A) 2 લાખ (B) 3 લાખ (C) 4 લાખ (D) 1 લાખ **(D)**

12. 'લીલાવતી એવોર્ડ' કઈ સંસ્થા અંતર્ગત આપવામાં આવે છે ?
(A) NCRTC (B) AICTE (C) UTCTE (D) AMNCTE **(B)**

13. લીલાવતી એવોર્ડ–2020 વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?
(A) આ એવોર્ડનો મુખ્ય ઉદ્દેશ્ય સ્વચ્છતા, આરોગ્ય, પોષણ, નવીનતા, કૌશલ્ય વિકાસ અને મહિલા અધિકારો જેવા મુદ્દાઓ વિશે જાગૃતિ લાવવાનો છે.
(B) આ એવોર્ડની થીમ 'મહિલા સશક્તિકરણ' છે.
(C) (A) અને (B) બંને સાચા
(D) (A) અને (B) બંને ખોટા **(C)**

14. AICTEની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી ?
(A) 1945 (B) 1951 (C) 1957 (D) 1961 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## જલિયાવાલા બાગ હત્યાકાંડની 102મી વર્ષગાંઠ

13 એપ્રિલ, 2020ના રોજ જલિયાવાલા બાગ હત્યાકાંડની 102મી વર્ષગાઠ હતી.

### જલિયાવાલા બાગ હત્યાકાંડ

આઝાદીની લડત દરમિયાન ભારતમાં 'રોલેટ એક્ટ'ના વિરોધમાં મહાત્મા ગાંધીજીએ 6 એપ્રિલ, 1919ના રોજ દેશવ્યાપી હડતાલની ઘોષણા કરી હતી.

- ત્યારબાદ સમગ્ર ભારતમાં 'રોલેટ એક્ટ'ના વિરોધમાં વ્યાપક દેખાવો થયા હતા.
- આથી, અંગ્રેજ સરકાર દ્વારા 8 એપ્રિલ, 1919ના રોજ હરિયાણાના પલવલ નામના ગામમાંથી મહાત્મા ગાંધીજીની ધરપકડ કરવામાં આવી હતી.
- આ ઉપરાંત પંજાબમાંથી પણ અનેક લોકોની ધરપકડ કરવામાં આવી હતી.
- પંજાબમાં અંગ્રેજો દ્વારા કરવામાં આવેલી ધરપકડના વિરોધમાં 10 એપ્રિલ, 1919ના રોજ પંજાબના લોકપ્રિય નેતા ડો. સત્યપાલ અને શ્રી સૈફુદીન કિચલુની પણ ધરપકડ કરી હતી.
- આથી, પોતાના પ્રિય નેતાના ધરપકડના વિરોધમાં પંજાબના લોકો 13 એપ્રિલ, 1919ના રોજ અમૃતસર ખાતે આવેલા જલિયાવાલા બાગમાં વૈશાખીના તહેવારની ઉજવણીના બહાને એકઠા થયા હતા.
- અમૃતસરની સ્થિતિ બેકાબૂ થતા ત્યા 144ની કલમ તથા માર્શલ લૉ લાગુ પાડવામાં આવ્યો હતો.
- અમૃતસરના લશ્કરી કમાન્ડર જનરલ ડાયરને આ બાબતની જાણ થતા તે લશ્કરી ટૂકડી સાથે જલિયાવાલા પહોંચી ગયો હતો અને કોઈપણ જાતની ચેતવણી આપ્યા વિના તેણે ગોળીબારનો આદેશ આપ્યો હતો.
- આ સમયે થયેલા અંધાધૂંધ ફાયરિંગમાં 1000 થી વધુ લોકો શહીદ થયા હતા અને હજારો લોકો ઘાયલ થયા હતા.
- બ્રિટિશ ઈતિહાસની આ કલંકરૂપ ઘટનાના દોષિત જનરલ ડાયરનું પૂરું નામ બ્રિગેડિયર જનરલ રેગિનાલ્ડ એડવર્ડ હેરી ડાયર છે.
- જનરલ ડાયરના આ કૃત્યની તપાસ માટે અંગ્રેજો દ્વારા 'હંટર કમિશન'ની નિમણૂક કરવામાં આવી હતી.
- જો કે, હંટર કમિશને આ ઘટનાને જનરલ ડાયર દ્વારા 'અણસમજથી થયેલી ભૂલ' ગણાવી તેને દોષમુક્ત કર્યો હતો.
- ભારતીયો દ્વારા આ હત્યાકાંડની તપાસ માટે શ્રી મદનમોહન માલવીયાની અધ્યક્ષતામાં એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું.
- આ હત્યાકાંડના વિરોધમાં શ્રી રવિન્દ્રનાથ ટાગોરે 'નાઈટહૂડ' તથા શ્રી જમનાદાસ બજાજે 'રાયબહાદુર'ની ઉપાધિનો ત્યાગ કર્યો હતો.

### રોલેટ એક્ટ વિશે

પ્રથમ વિશ્વયુદ્ધ 1918માં પૂરું થયું હતું. ત્યારબાદ છ મહિને 'હિન્દ સંરક્ષણ ધારા'ની મુદત પુરી થતી હોવાથી ક્રાંતિકારી પ્રવૃતિને અટકાવવા માટે 'Anarchment and Revolutionary act' નામનો કાયદો ન્યાયાધીશ સીડની રોલેટ, દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો જેને ટૂંકમાં 'રોલેટ એક્ટ' તરીકે ઓળખવામાં આવે છે.

- રોલેટ એક્ટની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે.

(1) કોઈપણ વ્યક્તિને શંકાને આધારે ધરપકડ કરી શકાતી હતી.

(2) ખાસ અદાલતોમાં કેસ ચલાવીને ન્યાયિક કાર્યવાહી વગર સજા કરી શકાતી નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### જલિયાવાલા બાગ સ્મારક

ભારતની સંસદ દ્વારા 'જલિયાવાલા બાગ રાષ્ટ્રીય સ્મારક એક્ટ, 1951 પસાર કરીને જલિયાવાલા બાગને 'રાષ્ટ્રીય સ્મારક' જાહેર કરવામાં આવ્યું હતું.

- 'જલિયાવાલા બાગ નેશનલ મેમોરિયલ ટ્રસ્ટ' દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે.

નોંધ : (1) ગાંધીજીએ રોલેટ એક્ટના કાયદાને 'કાળો કાયદો' કહ્યો હતો.

(2) શ્રી મોતીલાલ નેહરૂએ 'નો વકીલ, નો દલીલ, નો અપીલ' સાથે રોલેટ એક્ટના કાયદાને સરખાવ્યો હતો.

## શાંતિર ઓગ્રોશેના (Shantir Ogroshena) લશ્કરી કવાયતની સફળતાપૂર્વક સમાપ્તી

બાંગ્લાદેશમાં યોજાયેલી 10 દિવસીય બહુરાષ્ટ્રીય લશ્કરી કવાયત 'શાંતિર ઓગ્રોશેના' (Shantir Ogroshena) 12 એપ્રિલ, 2021ના રોજ સફળતાપૂર્વક સમાપ્ત થઈ ગઈ છે.

- આ લશ્કરી કવાયતનો 4 એપ્રિલ, 2021ના રોજ પ્રારંભ થયો હતો.
- આ કવાયતમાં ભારતીય સૈન્યના 30 જવાનોએ ભાગ લીધો હતો.
- બાંગ્લાદેશના રાષ્ટ્રપિતાશ્રી 'બગબંધુ શેખ મુજીબુર રહેમાન'ની જન્મ શતાબ્દીની ઉજવણી તેમજ બાંગ્લાદેશની આઝાદીને 50 વર્ષ પૂરા થવા માટે બહુરાષ્ટ્રીય લશ્કરી કવાયત યોજવામાં આવી હતી.
- આ લશ્કરી કવાયત બાંગ્લાદેશમાં સ્થિત 'બગબંધુ સેનાની બાસ' (BBS)માં આયોજન કરવામાં આવ્યું હતું.
- શાંતિર ઓગ્રોશેનાનો અર્થ થાય છે 'ફ્રન્ટ રનર ઓફ ધ પીસ'

### ઉદ્દેશ

આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ સંરક્ષણ સંબંધોને મજબૂત બનાવવાનો અને અસરકારક શાંતિ કામગીરીને સુનિશ્ચિત કરવા પાડોશી દેશો વચ્ચે આંતર કાર્યક્ષમતામાં વધારો કરવાનો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ભાગીદાર દેશ

ભારત, બાંગ્લાદેશ, ભૂટાન અને શ્રીલંકાના સૈનિકોએ આ કવાયતમાં ભાગ લીધો હતો.

- જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સ, બ્રિટન, તુર્કી, સાઉદી અરેબિયા, કુવૈત અને સિંગાપોરના સૈન્ય નિરિક્ષક તરીકે હાજર રહ્યા હતા.



## શ્રી શેખ મુજીબુર રહેમાન

શ્રી શેખ મુજીબુર રહેમાન બાંગ્લાદેશના અગ્રણી નેતા હતા. તથા બાંગ્લાદેશના પ્રથમ રાષ્ટ્રપતિ હતા.

- શ્રી શેખ મુજીબુર રહેમાનનો જન્મ 17 માર્ચ, 1920ના રોજ બ્રિટિશ ભારતના પૂર્વ બંગાળ પ્રાંતમાં થયો હતો.
- તેમને બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા અને લોકપ્રિય રીતે 'બંગબંધુ' તરીકે ઓળખવામાં આવે છે.
- તેઓ વર્ષ 1949માં સ્થાપાયેલી 'અવામી લીગ' રાજકીય પક્ષના અગ્રણી નેતા હતા.
- આ પક્ષે વર્ષ 1971માં બાંગ્લાદેશની આઝાદી માટે મુખ્ય ભૂમિકા ભજવી હતી.
- બાંગ્લાદેશના વર્તમાન વડાપ્રધાન શ્રીમતી શેખ હસીના તેમના પુત્રી છે.

## ભારત બાંગ્લાદેશ વચ્ચેના અન્ય લશ્કરી કવાયત

ભારત અને બાંગ્લાદેશે સમયાંતરે ઘણી વખત થલસેના, નૌકાદળ અને વાયુસેના વચ્ચે લશ્કરી કવાયતો યોજાઈ હતી. આ કવાયતો અથવા યુદ્ધ અભ્યાસના નામ નીચે મુજબ છે.

| ક્રમ | યુદ્ધ અભ્યાસનું નામ | દળ |
|---|---|---|
| 1 | સંપ્રતિ | થલસેના (Army) |
| 2 | બોન્ગોસાગર | નૌકાદળ (Navy) |
| 3 | ટેબલ ટોપ | વાયુ સેના (Airfoce) |

નોંધ : તાજેતરમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના રાજકીય સંબંધોની 50મી વર્ષગાંઠ ઉજવવામાં આવી હતી.

# ભારતના નવા મુખ્ય ચૂંટણી કમિશનર

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તાજેતરમાં ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે શ્રી સુશીલ ચંદ્રની નિમણૂક કરી હતી.

- શ્રી સુશીલચંદ્રએ શ્રી સુનિલ અરોરાની જગ્યાએ 13 એપ્રિલ, 2021થી પોતાનો કાર્યભાર સંભાળ્યો છે.
- શ્રી સુશીલચંદ્ર ભારતના 24મા મુખ્ય ચૂંટણી કમિશનર બન્યા છે.
- શ્રી સુશીલચંદ્ર વર્ષ 1980ની બેચના IAS ઓફિસર છે.
- આ ઉપરાંત 'સેન્ટ્રલ ડાયરેક્ટ ટેક્સ બોર્ડ' ના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી હતી.

## ભારતના ચૂંટણીપંચ વિશે

ચૂંટણીપંચ એ એક સ્થાયી અને સ્વતંત્ર બંધારણીય સંસ્થા છે.

- બંધારણના અનુચ્છેદ–324 અનુસાર રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, સંસદ તથા રાજ્ય વિધાનમંડળની સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીનું સંચાલન અને નિયંત્રણ કરે છે.
- 25 જાન્યુઆરી, 1950ના રોજ 'કેન્દ્રીય ચૂંટણીપંચ'ની સ્થાપના કરવામાં આવી હતી.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## ચૂંટણીપંચનું માળખુ

ભારતીય બંધારણના અનુચ્છેદ–342(2) મુજબ ચૂંટણી પંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરની રાષ્ટ્રપતિ નક્કી કરે તેટલી સંખ્યા હોય છે.

- રાષ્ટ્રપતિ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક કરવામાં આવે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ–324(3) મુજબ જ્યારે અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક કરવામાં આવશે ત્યારે મુખ્ય ચૂંટણી કમિશનર એ ચૂંટણીપંચના અધ્યક્ષ તરીકે કાર્ય કરશે.
- વર્તમાનમાં ચૂંટણીપંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય બે ચૂંટણી કમિશનર કાર્યરત છે.
- મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય બે ચૂંટણી કમિશનરની સત્તા સમાન રહેશે તથા તેમનો પગાર ભથ્થા વગેરે સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ જેટલા રહેશે.
- જો મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોના કોઈ બાબત પર અભિપ્રાયો અલગ અલગ હશે તો એ બાબત આયોગમાં બહુમતી દ્વારા નક્કી થશે એટલે કે મુખ્ય ચૂંટણી કમિશનરનો અભિપ્રાય સર્વોચ્ચ હોય એવુ જરૂરી નથી.

## ચૂંટણી કમિશનરનો કાર્યકાળ

બંધારણમાં તેમનો કાર્યકાળ નક્કી કરવામાં આવેલ નથી. પરંતુ રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરાયેલ છે જે હાલમાં 6 વર્ષ અથવા 65 વર્ષ બેમાંથી જે પહેલા હોય ત્યાં સુધીનો રહેશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચૂંટણી કમિશનરને પદ પરથી હટાવવાની પ્રક્રિયા

મુખ્ય ચૂંટણી કમિશનરને પદ પરથી દૂર કરવાની પ્રક્રિયા એ સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયધીશને દૂર કરવાની પ્રક્રિયા મુજબ જ છે.

- જ્યારે અન્ય ચૂંટણી કમિશનરને રાષ્ટ્રપતિ મુખ્ય ચૂંટણી કમિશનરની સલાહથી હટાવી શકે છે.

## ચૂંટણી પંચની સત્તા અને કાર્યો

ચૂટણીપંચની સત્તા અને કાર્યો નીચે મુજબ છે :

- મતદાર યાદી બનાવવી તથા લાયક મતદારોની નોંધણી કરવી.
- ચૂંટણી નિશાનની ફાળવણી કરવી.
- ચૂંટણીની તારીખો અને કાર્યક્રમ નક્કી કરવો.
- હિંસા, મતદાન મથકનો કબજો જેવી અનિયમિતતા સમયે ચૂંટણી કોઈપણ વિસ્તારમાં રદ્ કરવી.
- આદર્શ આચારસંહિતા લાગુ પાડવી.
- મત વિસ્તારનું પરિસિમન કે સિમાંકન કરવું.

1. વર્ષ 2021માં જલિયાવાલા બાગ હત્યાકાંડની કેટલામી વર્ષગાંઠ હતી ?
(A) 103 (B) 102 (C) 101 (D) 100 **(B)**

2. કયા કાયદાના વિરોધમાં મહાત્મા ગાંધીજીએ 6 એપ્રિલ, 1919ના રોજ દેશવ્યાપી હડતાલની ઘોષણા કરી હતી ?
(A) રોલેટ એક્ટ (B) મોર્લે–મિન્ટો સુધારા
(C) રેગ્યુલેટિંગ એક્ટ, 1873 (D) રેગ્યુલેટિંગ એક્ટ, 1991 **(A)**

3. 'જલિયાવાલા બાગ હત્યાકાંડ' ક્યારે થયો હતો ?
(A) 10 એપ્રિલ, 1918 (B) 13 એપ્રિલ, 1918 (C) 10 એપ્રિલ, 1919 (D) 13 એપ્રિલ, 1919 **(D)**

4. 13 એપ્રિલ, 1919ના રોજ પંજાબના કયા શહેરમાં આવેલા જલિયાવાલા બાગમાં હત્યાકાંડ થયો હતો ?
(A) લાહોર (B) જાલધંર (C) અમૃતસર (D) લુધિયાણા **(C)**

5. 13 એપ્રિલ, 1919ના રોજ પંજાબના અમૃતસરમાં આવેલા જલિયાવાલા બાગમાં પંજાબના કયા નેતાઓની ધરપકડના વિરોધમાં હજારો લોકો એકઠા થયા હતા ?
(A) શ્રી લાલાલજપતરાય અને સૈફુદીન કિચલુ (B) શ્રી લાલા લજપતરાય અને ડો સત્યપાલ
(C) શ્રી સૈફુદીન કિચલુ અને ડો સત્યપાલ (D) શ્રી સૈફુદીન કિચલુ અને શ્રી ભગતસિંહ **(C)**

6. જલિયાવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે અંગ્રેજો દ્વારા કયા કમિશનની નિમણૂક કરવામાં આવી હતી ?
(A) રોલેટ કમિશન (B) ડાયર કમિશન (C) વાયલી કમિશન (D) હંટર કમિશન **(D)**

7. જલિયાવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે ભારતીયો દ્વારા કોની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી ?
(A) શ્રી રવિન્દ્રનાથ ટાગોર (B) શ્રી મદનમોહન માલવીય
(C) શ્રી સૈફુદીન કિચલુ (D) શ્રી જમનાલાલ બજાજ **(B)**

8. તાજેતરમાં કયા દેશમાં 'શાંતિર ઓગ્રોશેના' નામની લશ્કરી કવાયત યોજવામાં આવી હતી ?
(A) બાંગ્લાદેશ (B) ભારત (C) શ્રીલંકા (D) ઈન્ડોનેશિયા **(A)**

9. 'શાંતિર ઓગ્રોશેના' લશ્કરી કવાયત વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. આ લશ્કરી કવાયતનો પ્રારંભ 4 એપ્રિલ, 2021ના રોજ થયો હતો.
2. બાંગ્લાદેશ ખાતે યોજાયેલ આ કવાયતમાં ભારતીય સૈન્યના 30 જવાનોએ ભાગ લીધો હતો.
3. બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા શ્રી શેખ મુજીબુર રહેમાનની જન્મ શતાબ્દીની ઉજવણી તેમજ બાંગ્લાદેશની આઝાદીને 50 વર્ષ પૂરા થવા માટે આ કવાયત યોજાઈ હતી.
4. આ લશ્કરી કવાયત બાંગ્લાદેશ સ્થિત શતિર નામના સ્થળે થઈ હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. 'શાંતિર ઓગ્રોશે' કવાયત વિશે કઈ બાબત સાચી રીતે જોડાયેલી છે ?
   (A) બાંગ્લાદેશમાં યોજાયેલી આ કવાયતમાં બાંગ્લાદેશ, ભૂટાન, શ્રીલંકા અને ભારતના સૈનિકોએ ભાગ લીધો હતો.
   (B) આ કવાયતમાં મુખ્ય નિરીક્ષક તરીકે US, બ્રિટન, તુર્કી, સાઉદી અરેબિયા અને સિંગાપોરના સૈનિકો હાજર રહ્યા હતા.
   (C) શાંતિર ઓગ્રોશેનાનો અર્થ થાય છે 'ફ્રન્ટ રનર ઓફ ધ પીસ'
   (D) ઉપરોક્ત તમામ **(D)**

11. તાજેતરમાં ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી સુનિલ અરોરા (B) શ્રી સુશીલ ચંદ્ર
   (C) શ્રી પિનાંકીચંદ્ર ઘોષ (D) શ્રી બિપીન અરોરા **(B)**


12. ભારતમાં 'કેન્દ્રીય ચૂંટણી પંચ' ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
   (A) 25 જાન્યુઆરી, 1947 (B) 25 જાન્યુઆરી, 1948
   (C) 25 જાન્યુઆરી, 1949 (D) 25 જાન્યુઆરી, 1950 **(D)**

13. ભારતમાં દર વર્ષે કયા દિવસને 'રાષ્ટ્રીય મતદાતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?
   (A) 25 જાન્યુઆરી (B) 26 જાન્યુઆરી (C) 27 જાન્યુઆરી (D) 28 જાન્યુઆરી **(A)**

14. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં ચૂંટણી પંચ વિશેની જોગવાઈ કરવામાં આવી છે ?
   (A) અનુચ્છેદ–324 (B) અનુચ્છેદ–224 (C) અનુચ્છેદ–124 (D) અનુચ્છેદ–246 **(A)**

15. શ્રી સુશીલચંદ્ર ભારતના કેટલામાં મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત થયા છે ?
   (A) 22 માં (B) 23 માં (C) 24 માં (D) 25 માં **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# દિવસ મહિમા : 14 એપ્રિલ, (1) સમરસતા દિવસ (ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ) (2) રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન

## ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ

14 એપ્રિલ, 2021ના રોજ સમગ્ર દેશમાં ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની 130મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી છે.

- વર્ષ 2015થી દર વર્ષે ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ **14 એપ્રિલ** **'સમરસતા દિવસ'** તરીકે ઉજવવામાં આવે છે.
- **વર્ષ 2016**માં ભારત સરકાર દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરની **125મી જન્મ જયંતિ**ની ઉજવણી કરવામાં આવી હતી.
- આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પણ ડો. બાબા સાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિની ઉજવણી કરી હતી.
- જેમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરને **'વિશ્વના પ્રણેતા'** કહીને તેમનું સન્માન કર્યું હતું.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જેમની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હોય એવા ડો. બાબાસાહેબ આંબેડકર પ્રથમ ભારતીય વ્યક્તિ છે.
- ડો. બાબાસાહેબ આંબેડકર સિવાય ફક્ત **બે જ એવા મહાપુરૂષ** છે કે જેમની જન્મજયંતિ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મનાવવામાં આવી હોય. :.... અને તે છે શ્રી માર્ટિન લ્યૂથર કિંગ અને શ્રી નેલ્સન મંડેલા.
- ડો. બાબાસાહેબ આંબેડકર, **શ્રી માર્ટિન લ્યૂથર કિંગ** અને **શ્રી નેલ્સન મંડેલા** વિશ્વમાં **'માનવ અધિકાર સંઘર્ષ'**ના **સૌથી મહાન નેતાઓ** છે.
- ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિને **'ડો. આંબેડકર જન્મ જયંતિ'** અથવા તો **'શ્રી ભીમરાવ જયંતિ'** તરીકે પણ ઉજવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ડો. બાબાસાહેબ આંબેડકર



| | | |
|---|---|---|
| જન્મ | : | 14 એપ્રિલ, 1891 |
| જન્મ સ્થળ | : | મહુ (મધ્યપ્રદેશ) |
| પૂરું નામ | : | ડો. ભીમરાવ રામજીભાઈ આંબેડકર |
| હુલામણું નામ | : | ડો. બાબાસાહેબ આંબેડકર |
| પિતાનું નામ | : | શ્રી રામજીભાઈ સકપલ |
| માતાનું નામ | : | શ્રીમતી ભિમાબાઈ |
| મૂળ વતન | : | અંબાવડે ગામ, જિલ્લો રત્નાગિરિ (મહારાષ્ટ્ર) |
| પુરસ્કાર | : | ભારત રત્ન (વર્ષ 1990) |

## અભ્યાસ

મુંબઈની એલ્ફીન્સ્ટન હાઈસ્કૂલમાંથી વર્ષ 1907માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી.

- વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડની સહાયથી મુંબઈની એલ્ફીન્સ્ટન કોલેજમાં અભ્યાસ કરી વર્ષ 1912માં અંગ્રેજી મુખ્ય વિષય સાથે બી.એ.ની પરીક્ષા પાસ કરી હતી.
- મહારાજા સયાજીરાવ ગાયકવાડની સહાયથી અમેરિકાના ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરી 'પ્રાચીન ભારતીય વ્યાપાર' વિષય ઉપર મહાનિબંધ લખી વર્ષ 1915માં કોલંબિયા યુનિવર્સિટીની એમ.એ.ની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી હતી.
- વર્ષ 1916માં 'બ્રિટિશ ભારતમાં મુલ્કી અર્થવ્યવસ્થાનો વિકાસ' વિષય ઉપર મહાનિબંધ લખી કોલંબિયા યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની ડિગ્રી મેળવીને શ્રી ભીમરાવ આંબેડકર ડો. ભીમરાવ આંબેડકર બન્યા હતા.
- ઈંગ્લેન્ડમાં કાયદાનો તથા અર્થશાસ્ત્રનો અભ્યાસ કરી વર્ષ 1923માં બેરિસ્ટર થયા અને ડો. બાબાસાહેબ આંબેડકરને તેમના મહાનિબંધ 'રૂપિયાનો પ્રશ્ન' વિષય પર લંડન યુનિવર્સિટીએ તેમને 'ડોકટર ઓફ સાયન્સ'ની ઉચ્ચ ડિગ્રી એનાયત કરી હતી.
- જૂન, 1928માં મુંબઈની ગવર્નમેન્ટ લો કોલેજમાં કાયદાના પ્રોફેસર તરીકે જોડાયા અને વિદ્યાર્થીઓમાં ખૂબ જ પ્રિય બન્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાષ્ટ્રના વિકાસમાં ડો. બાબાસાહેબ આંબેડકરનું યોગદાન

ડો. બાબાસાહેબ આંબેડકરનું ભારતના વિકાસમાં અમૂલ્ય યોગદાન છે. એક અર્થશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી અને કાયદાના જાણકાર તરીકે ડો. બાબાસાહેબ આંબેડકરે આધુનિક ભારતના વિકાસનો પાયો નાખ્યો હતો.

- તેમણે ભારતીય બંધારણનો ડ્રાફ્ટ (પ્રારૂપ) તૈયાર કર્યું અને તેઓ 'ભારતીય બંધારણના પિતા' તરીકે ઓળખાયા.
- આર્થિક અને શૈક્ષણિક દષ્ટિએ પછાત વર્ગોના વિકાસ માટે ઈ.સ. 1923માં 'બહિષ્કૃત હિતકારીણી સભા'ની સ્થાપના કરી હતી.
- ભારતમાં જાતિવાદને નાબૂદ કરવા માટે સામાજિક આંદોલનો ચલાવ્યા હતા.
- જળ સંશાધનો માટે અસ્પૃશ્યતા દૂર કરવા માટે વર્ષ 1927માં મહારાષ્ટ્રના મહાડમાં પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું.
- ઓગસ્ટ, 1936માં 'સ્વતંત્ર મજૂર પક્ષ'ની સ્થાપના કરી હતી.
- 20 જૂલાઈ, 1942ના રોજ તેમણે ભારતના વાઈસરોયની કેબિનેટમાં લેબર મેમ્બર તરીકેનો ચાર્જ સંભાળ્યો અને સરકારના લેબર મેમ્બર તરીકે તેમણે 'પીપલ્સ એજ્યુકેશન સોસાયટી'ના નેજા હેઠળ મુંબઈમાં સિદ્ધાર્થ કોલેજની શરૂઆત કરી હતી.
- ડો. બાબાસાહેબ આંબેડકરના પ્રયાસોના કારણે જ 29 એપ્રિલ, 1947ના રોજ બંધારણ સભાએ કાયદા દ્વારા સમગ્ર ભારતમાંથી અસ્પૃશ્યતાને નાબૂદ થયેલી જાહેર કરી હતી.
- 3 ઓગસ્ટ, 1947ના રોજ ભારતની વચગાળાની સરકાર રચાઈ તેમા ડો. બાબાસાહેબ આંબેડકર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા.
- 29 ઓગસ્ટ, 1947ના રોજ ભારતીય બંધારણની રચના માટે 'ડ્રાફ્ટીંગ સમિતિ'ના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

- ભારતીય રિઝર્વ બેંક (RBI)ની સ્થાપના તેમના વિચારોથી જ થઈ હતી. તથા તેમની પ્રેરણાથી જ નાણા આયોગની સ્થાપના થઈ હતી.
- ભારતમાં Employment Exchangeની સ્થાપના પણ ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારોથી જ થઈ હતી.
- દામોદર ઘાટી યોજના, હીરાકુંડ યોજના અને સોન નદી યોજના જેવા 8 મોટા બંધોના નિર્માણમાં પણ તેમની મહત્ત્વની ભૂમિકા હતી.
- ભારતને **'સ્વતંત્ર ચૂંટણી પંચ'**ની ભેટ પણ ડો. બાબાસાહેબ આંબેડકરે જ આપી છે.

**નોંધ :** (1) 5 જૂન, 1952ના રોજ અમેરિકાના ન્યૂયોર્કની કોલંબિયા યુનિવર્સિટીએ તેમને સર્વોચ્ચ એવી **'ડોક્ટર એટ લો'**ની પદવી આપી હતી.

(2) 12 જાન્યુઆરી, 1953ના રોજ ભારતની ઓસ્મનિયા યુનિવર્સિટીએ ડો. બાબાસાહેબ આંબેડકરને **'ડોક્ટર ઓફ લીટરેચર'**ની ઉચ્ચ પદવીથી સન્માનિત કર્યા હતા.

(3) 13 એપ્રિલ, 2018ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના હસ્તે **નવી દિલ્હી** ખાતે **ડો. આંબેડકર રાષ્ટ્રીય સ્મારક**નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

## પંચતીર્થ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પાંચ સ્થળોને 'પંચતીર્થ' તરીકે જાહેર કરી તેનો વિકાસ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ 'પંચતીર્થ' નીચે મુજબ છે :

| ક્રમ | સ્થળ | વિશેષતા |
|---|---|---|
| 1 | મહુ (મધ્યપ્રદેશ) | જન્મભૂમિ |
| 2 | નાગપુર (મહારાષ્ટ્ર) | દીક્ષાભૂમિ |
| 3 | લંડન (ઈંગ્લેન્ડ) | ઈંગ્લેન્ડમાં નિવાસ સ્થાન (ડો. આંબેડકર સ્મારક નિવાસ) |
| 4 | અલિપુરરોડ (દિલ્હી) | મહાપરિનિર્વાણ ભૂમિ |
| 5 | મુંબઈ (મહારાષ્ટ્ર) | ચૈત્યભૂમિ |

**નોંધ :** (1) વર્ષ 2020માં કેનેડાએ ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિને **'સમાનતા દિવસ'** તરીકે ઉજવણી કરી હતી.

(2) ત્યારબાદ વર્ષ 2021માં બ્રિટિશ કોલંબિયા સરકારે પણ ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીને **'સમાનતા દિવસ'** તરીકે ઉજવણી કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નીતિ આયોગે, આરોગ્ય અને પોષણ વિષયક ડિજિટલ ફંડ 'પોષણ જ્ઞાન' (Poshan Gyan) શરૂ કર્યું

નીતિ આયોગે, બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન અને સેન્ટર ફોર સોશિયલ એન્ડ બિહેવિયર ચેંજ (અશોક યુનિવર્સિટી)ના સહયોગથી આરોગ્ય અને પોષણ અંગેનું રાષ્ટ્રીય ડિજિટલ ફંડ 'પોષણ જ્ઞાન' (Poshan Gyan) શરૂ કર્યું છે.

- નીતિ આયોગના ઉપાધ્યક્ષ ડો. રાજીવ કુમાર, સી.ઈ.ઓ શ્રી અમિતાભ કાન્ત, મહિલા અને બાળ વિકાસ સચિવ શ્રી રામ મોહન મિશ્રા અને અધિક સચિવ ડો. રાકેશ સરવાલે 'પોષણ જ્ઞાન'ના લોકાર્પણ સમયે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.
- આ ફંડ એ પોષણ ક્ષેત્રમાં જ્ઞાન જાગૃતિ અને વર્તન પરિવર્તનના પડકારોનો સામનો કરવા માટે સરકારી એજન્સિઓ અને અન્ય વિકાસ સંગઠનો દ્વારા બનાવવામાં આવેલ એક અસરકારક સામગ્રી છે.
- આ ડિજિટલ ફંડની સામગ્રીમાં વિવિધ પ્રકારના વિષયો સામેલ છે જેમ કે જન્મ પહેલાંની સંભાળ, આહાર પૂરવણીઓ, કિશોરનું આરોગ્ય, આહારની વિવિધતા, એનિમિયા નિવારણ વગેરેનો સમાવેશ થાય છે.
- આ ડિજિટલ ફંડ નીતિ આયોગ દ્વારા જાળવવામાં આવશે તથા ભારતમાં પોષણ ક્ષેત્રમાં કાર્યરત નિષ્ણાતો માટે વિશ્વસનિય અને વ્યાપક ઓનલાઈન તરીકે સેવા આપશે.

### મિશન આહાર ક્રાંતિ

કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રી શ્રી ડો. હર્ષવર્ધન દ્વારા તાજેતરમાં 'મિશન આહાર ક્રાંતિ' શરૂ કર્યું હતું.

- આ મિશનનો મુખ્ય ઉદ્દેશ પોષણ સંતુલિત આહારના મહત્ત્વનો સંદેશ ફેલાવવાનો છે તથા સ્થાનિક ફળો અને શાકભાજીના વપરાશના મહત્વને પણ પ્રોત્સાહન આપશે.
- આ મિશન 'વિજ્ઞાન ભારતી' અને 'ગ્લોબલ સાયન્ટિસ્ટ્સ એન્ડ ટેક્નોક્રેટ્સ ફોરમ' દ્વારા પણ મિશન શરૂ કરાયું છે.
- આ મિશનનું આદર્શ વાક્ય (સૂત્ર) 'Good Diet- Good Cognition' છે.

### નીતિ આયોગ વિશે

1 જાન્યુઆરી, 2015થી સરકાર દ્વારા આયોજન પંચના સ્થાને નીતિ આયોગની શરૂઆત કરવામાં આવી હતી.

- નીતિ (NITI)નું પૂરું નામ 'National Institution for Transforming India' છે.
- આયોજન પંચની રચના 15 માર્ચ, 1950ના રોજ કરવામાં આવી હતી.
- નીતિ આયોગ બંધારણીય કે વૈધાનિક સંસ્થા નથી, પરંતુ કેન્દ્રીય મંત્રીમંડળના આદેશ દ્વારા નિર્મિત એક ગેર બંધારણીય કારોબારી સંસ્થા છે.
- નીતિ આયોગ એ ભારત સરકારની 'થિંક ટેંક' (Think Tank) છે જે નીતિગત અને દિશાસૂચક એમ બંને પ્રકારના કર્યો કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નીતિ આયોગનું વર્તમાન માળખું

નીતિ આયોગનું વર્તમાન માળખું નીચે મુજબ દર્શાવવામાં આવ્યું છે :

| ક્રમ | પદ | નામ |
|---|---|---|
| 1 | અધ્યક્ષ | શ્રી નરેન્દ્રભાઈ મોદી (વડાપ્રધાન તરીકે હોદ્દાની રૂએ) |
| 2 | ઉપાઅધ્યક્ષ | ડૉ. રાજીવ કુમાર |
| 3 | CEO | શ્રી અમિતાભ કાન્ત |
| 4 | કાયમી સભ્યો (પૂર્ણ સમય સભ્યો) | શ્રી વિનોદ પોલ, શ્રી વિજય કુમાર સારસ્વત, શ્રી રમેશચંદ્ર |
| 5 | પૂર્વ અધિકારી સભ્યો (Ex-Officio Members) | શ્રી અમિત શાહ, શ્રી રાજનાથ સિંહ, શ્રીમતી નિર્મલા સિતારામન, શ્રી નરેન્દ્રસિંહ તોમર |
| 6 | વિશેષ આમંત્રીત સભ્યો | શ્રી નીતિન ગડકરી, શ્રી ટી. સી. ગેહલોત, શ્રી રમેશ નિશાંક પોખરીયલ, શ્રી પિયુષ ગોયેલ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલમાં તમામ રાજ્યના મુખ્યમંત્રીઓ (દિલ્હી, પુડુચેરી સહિત) તથા કેન્દ્રશાસિત પ્રદેશના ઉપ રાજ્યપાલોનો સમાવેશ થાય છે.

(2) નીતિ આયોગના અધ્યક્ષ હોદ્દાની રૂએ વડાપ્રધાનશ્રી હોય છે.

# ડૉ. રાજેન્દ્ર કુમારની વિશ્વ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરના સલાહકાર તરીકે નિમણૂક

વડાપ્રધાન કાર્યાલયમાં કામ કરી ચૂકેલા ગુજરાત કેડરના બીજા IAS અધિકારી ડૉ. રાજેન્દ્ર કુમાર હવે વિશ્વ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરના સલાહકાર તરીકે નિયુક્ત થયા છે.

- 2004ની બેચના IAS અધિકારી શ્રી ડૉ. રાજેન્દ્ર કુમારની ત્રણ વર્ષ માટે આ પદ ઉપર નિમણૂક કરવામાં આવી છે.
- તેઓએ અમદાવાદ જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારી તરીકે પણ ફરજ બજાવી છે.
- વર્તમાનમાં તેઓ વડાપ્રધાન કાર્યલયમાં ડિરેક્ટર તરીકે તથા ભારત સરકારના રસાયણ અને ફાર્માસ્યૂટિકલના ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલમાં સચિવ તરીકે કાર્યરત છે.

## વિશ્વબેંક (World Bank)

વિશ્વ બેંક (World Bank) એ સભ્યો દેશોને લોન ઉપલબ્ધ કરાવવા માટેની યુનાઈટેડ નેશન્સની એક વિશિષ્ટ સંસ્થા છે.

- વર્લ્ડ બેંક દ્વારા ફક્ત વિકાસશીલ દેશોને જ લોન આપવામાં આવે છે.
- વર્લ્ડ બેંકની સ્થાપના વર્ષ 1944માં થઈ હતી.
- તેનું વડું મથક વોશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.
- વર્લ્ડ બેન્કનો Motto (ધ્યેય વાક્ય) 'Working for a world free of Poverty'

1. ભારતમાં ડો. બાબાસાહેબ આંબેડકર જયંતિ કયા દિવસે ઉજવવામાં આવે છે ?
(A) 12 એપ્રિલ (B) 13 એપ્રિલ (C) 14 એપ્રિલ (D) 15 એપ્રિલ (C)

2. 14 એપ્રિલ, 2021ના રોજ સમગ્ર ભારતમાં ડો. બાબાસાહેબ આંબેડકરની કેટલામી જન્મજયંતિ ઉજવવામાં આવી હતી ?
(A) 128 (B) 130 (C) 132 (D) 134 (B)

3. ભારતમાં ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ કયા નામે ઉજવાય છે ?
(A) ડો. આંબેડકર જયંતિ (B) શ્રી ભીમરાવ જયંતિ (C) સમરસતા દિવસ (D) ઉપરોક્ત ત્રણેય (D)

4. ભારતમાં કોની જન્મજયંતિ 'સમરસતા દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) શ્રી જવાહરલાલ નહેરૂ (B) મહાત્મા ગાંધીજી
(C) શ્રી સરદાર પટેલ (D) ડો. બાબાસાહેબ આંબેડકર (D)

5. ભારત સરકાર દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિને 'સમરસતા દિવસ' તરીકે કયા વર્ષથી ઉજવવામાં આવે છે ?
(A) 2012 (B) 2015 (C) 2014 (D) 2010 (B)

6. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જેમની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હોય તેવી એકમાત્ર ભારતીય વ્યક્તિનું નામ જણાવો ?
(A) મહાત્મા ગાંધીજી (B) સ્વામી વિવેકાનંદ
(C) શ્રી જવાહરલાલ નહેરૂ (D) ડો. બાબાસાહેબ આંબેડકર (D)

7. ડો. બાબાસાહેબ આંબેડકરના સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?
(A) 14 એપ્રિલ, 1891ના રોજ મધ્યપ્રદેશના મહુ ખાતે તેમનો જન્મ થયો હતો.
(B) તેમનું પૂરુંનામ ડો. ભીમરાવ રામજીભાઈ આંબેડકર છે.
(C) તેમનું મૂળ વતન મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાનું અંબાવડે ગામ હતું.
(D) ઉપરોક્ત મામ (D)

8. 13 એપ્રિલ, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કયા સ્થળે ડો. આંબેડકર રાષ્ટ્રીય સ્મારકનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું ?
(A) નાગપુર (B) નવી દિલ્હી (C) લંડન (D) મુંબઈ (B)

9. ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થમાં કોનો સમાવેશ થતો નથી ?
(A) નાગપુર (મહારાષ્ટ્ર) (B) લંડન (ઈંગ્લેન્ડ) (C) મુંબઈ (મહારાષ્ટ્ર) (D) પેરિસ (ફ્રાન્સ) (D)

10. નીતિ આયોગે આરોગ્ય અને પોષણ વિષયક ડિજિટલ ફંડ.......શરૂ કર્યું છે ?
(A) પોષણ જ્ઞાન (B) પોષણ ગ્લોબલ
(C) પોષણ NSSC (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. કયા વર્ષથી કેન્દ્ર સરકાર દ્વારા આયોજન પંચના સ્થાને નીતિ આયોગની શરૂઆત કરી હતી ?

(A) 2015 (B) 2001 (C) 1947 (D) 1950 — (A)

12. મિશન આહાર ક્રાંતિ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) આ મિશનનો મુખ્ય ઉદ્દેશ પોષણ સંતુલિત આહારના મહત્ત્વ અંગેનો સંદેશ ફેલાવવાનો છે.

(B) આ મિશનનું આદર્શ વાક્ય 'Good Diet - Good Cognition' છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા — (C)

13. નીતિ આયોગના વર્તમાન ઉપાધ્યક્ષ કોણ છે ?

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી અમિતાભ કાન્ત (C) શ્રી વિનોદ પોલ (D) શ્રી રાજીવ કુમાર — (D)

14. તાજેતરમાં વિશ્વ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરના સલાહકાર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?


(A) ડો. રાજેન્દ્ર કુમાર (B) ડો. રાજીવ કુમાર

(C) ડો. વિનોદ કુમાર (D) ડો. રમેશ કુમાર — (A)

15. વિશ્વ બેંકની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી ?

(A) 1940 (B) 1944 (C) 1950 (D) 1916 — (B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા, 15 એપ્રિલ, (1) Universal day of Culture (2) World Art Day

## નાગાલેન્ડના સ્થાનિક નાગરિકોનું રજિસ્ટર (RIIN)

તાજેતરમાં નાગાલેન્ડ સરકાર દ્વારા **'નાગાલેન્ડના સ્થાનિક નાગરિકોનું રજિસ્ટર'** (Register For Indigenous Inhabitants of Nagaland- RIIN) તૈયાર કરવાની પ્રક્રિયાને શરૂ કરવા ફરીથી સૂચના આપવામાં આવી હતી.

- આથી **નાગા (Naga)** જાતિની સર્વોચ્ચ સંસ્થા **'નાગા હોહો'** (Naga Hoho) દ્વારા તાજેતરમાં RIIN ના વિરોધમાં સરકારને ચેતવણી આપી છે.
- નોંધનીય છે કે વર્ષ **2019**માં નાગાલેન્ડ રાજ્ય સરકાર દ્વારા RIIN ના **અભ્યાસ, પરીક્ષણ અને અમલીકરણ**ની બાબતમાં ભલામણો કરવા માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી.
- RIIN માટે સ્થાપિત સમિતિએ નીચે મુજબના કાર્યો કરવાના હતા.
  (1) સ્થાનિક નિવાસી હોવા માટેના માપદંડ
  (2) સ્થાનિક હોવાના દવાઓને પ્રમાણિત કરવાની સત્તા
  (3) સ્થાનિક નિવાસી તરીકે નોંધણીનું સ્થાન
- આ ઉપરાંત આ સમિતિનો મુખ્ય ઉદ્દેશ સરકારી યોજનાઓનો લાભ લેવા અને નોકરી મેળવવા માટે નકલી પ્રમાણપત્રોને અટકાવવાનો છે.
- જો કે, સમુદાય આધારિત અને ઉગ્રવાદી સંગઠનોના વિરોધને પગલે કામ સ્થગિત કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ, ફરીથી નાગાલેન્ડ સરકારે વર્ષ 2019માં શરૂ કરેલી આ RIIN પ્રક્રિયાને પુનઃચાલુ કરવાની તૈયારી કરી છે.

### નાગાલેન્ડના સ્થાનિક નાગરિકોનું રજિસ્ટર (RIIN) વિશે

RIIN ને સત્તાવાર નોંધ અથવા રેકોર્ડના આધારે સ્થાનિક રહેવાસીઓની ગ્રામ્યવાર અને વોર્ડ મુજબની સૂચીની મદદથી વિગતવાર સર્વે બાદ તૈયાર કરવામાં આવશે.

- તેમજ તે દરેક જિલ્લા વહીવટતંત્રની દેખરેખ હેઠળ આ રજિસ્ટર તૈયાર કરવામાં આવશે.
- એકવાર RIIN કાર્યપૂર્ણ થઈ ગયા પછી, રાજ્યના સ્થાનિક રહેવાસીઓના બાળકોના જન્મ સિવાય બીજા કોઈને પણ નવું સ્થાનિક પ્રમાણપત્ર આપવામાં આવશે નહીં
- સ્થાનિક રહેવાસીઓના બાળકોને જન્મના પૂરાવા સાથે સ્થાનિક રહેવાસીઓનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- RIIN ડેટાબેઝ સમય સમય પર અપડેટ કરવામાં આવશે.
- **ઈનર-લાઈન-પરમિટ** (Inner line Permit) મેળવવા માટે ઓનલાઈન સિસ્ટમ સાથે RIIN ને પણ એકીકૃત કરવામાં આવશે.
- આ ઉપરાંત રાજ્ય સરકાર, સચિવ પદના અધિકારીઓને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવશે.

### નાગા (Naga) જાતિઓ વિશે

નાગા જાતિઓ મુખ્યત્વે પર્વતીય વિસ્તારોમાં રહે છે. જેમની અંદાજિત વસતી લગભગ 25 લાખ જેટલી છે.

- જે ભારતનું રાજ્ય આસામ અને મ્યાનમાર વચ્ચેના દૂરસ્થ પર્વતીય વિસ્તારોમાં રહે છે.
- નાગા ફક્ત એક જાતિ જ નહીં, પરંતુ એક વંશીય સમુદાય છે, જેમાં નાગાલેન્ડ અને તેની આસપાસના વિસ્તારોના ઘણા આદિવાસીઓ સામેલ છે.
- નાગા સમુદાય, ઈન્ડો-મોંગ્લોઈડ જૂથ સાથે સંબંધિત છે.
- કેટલીક મુખ્ય નાગજાતિઓના સમુદાયમાં ઓસ (Aos), અંગામિસ (Angamis), ચાંગ્સ (Changes), ચકેસાંગ (Chekesang), કાબૂસ (Kabus), કચરિસ (Kachrich), કૂકી (Kuki), લોથસ (Lothas), માઓ (Maos) વગેરેનો સમાવેશ થાય છે.
- મિથન તહેવાર નાગા જનજાતિઓનો છે.

નોંધ : (1) 1 ડિસેમ્બર, 1963ના રોજ નાગાલેન્ડ ભારતનું 16મું રાજ્ય બન્યું હતું.
(2) નાગાલેન્ડ રાજ્યનું પાટનગર કોહિમા છે.
(3) ભારતમાં આસામ, મણિપુર, અરૂણાચલપ્રદેશ અને મ્યાનમારમાં વસવાટ કરતી નાગા જાતિઓ તેમના પૂર્વજોની જમીન પરના દાવાને કાયદેસર ઠેરવી રહી છે.

## એશિયાના વિકાસ દર પર IMFનું અનુમાન

IMF દ્વારા તાજેતરમાં તેનો 'World Economic Outlook Report' બહાર પાડયો છે.

- IMF એ આ અહેવાલમાં દક્ષિણ -પૂર્વ એશિયન અર્થતંત્ર માટે તેમનું પૂર્વ અનુમાન ઘટાડયું છે. જ્યારે બીજી તરફ એશિયા-પેસેફિક અને વૈશ્વિક અર્થતંત્ર વધુ આશાવાદી હોવાનું જણાવ્યું છે.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2021માં મલેશિયા, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, ફિલિપાઈન્સ અને વિયેતનામ જેવા દેશોમાં અર્થતંત્રમાં 9%ની વૃદ્ધિ થશે. આ અગાઉ IMFએ વૃદ્ધિ દર 5.2% નું જણાવ્યું હતું તથા ઈન્ડો–પેસેફિક સરહદી દેશોમાં વૃદ્ધિ દર 3% થી વધારીને 7.6% કરવામાં આવ્યો છે.
- આ રિપોર્ટ અનુસાર ચીનના અર્થતંત્રનો વૃદ્ધિ દર 8.4 હશે. આ અગાઉ IMF એ 8.1 % વૃદ્ધિ દરનું અનુમાન કર્યુ હતું.

### ભારત માટે અનુમાન

IMFના જણાવ્યા અનુસાર ભારતમાં 12.5%ની વૃદ્ધિ નોંધાશે. આ અગાઉ 11.5% નું અનુમાન લગાવ્યું હતું.

### IMF વિશે

IMFનું પૂરું નામ 'International Monetary Fund' છે.

- IMF એ વૈશ્વિક સ્તરે આર્થિક સ્થિતિ પર નજર રાખતી એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.
- વર્તમાન સમયે તેના સભ્ય દેશોની સંખ્યા 189 છે.
- વર્ષ 1944માં મળેલી Bretton woods Conference માં આ સંસ્થાની સ્થાપનાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- આ નિર્ણયના અમલ સ્વરૂપે 27 ડિસેમ્બર 1945ના રોજ IMFની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.

## ભારતમાં ગોલ્ડ જ્વેલરી માટે હોલમાર્ક ફરજિયાત

1 જૂન, 2021થી સોનાના આભૂષણ અને કલાકૃતિઓની ફરજિયાત હોલમાર્કિંગ સંબંધિત નિયમો અમલમાં આવશે.

- નવેમ્બર, 2019માં કેન્દ્ર સરકારે જાહેરાત કરી હતી કે 15 જાન્યુઆરી 2021થી દેશભરમાં સોનાના દાગીના અને કલાકૃતિઓનું હોલમાર્કિંગ ફરજિયાત કરવામાં આવશે.
- જો કે કોરાના વાઈરસ મહામારીના કારણે આ નિયમોના અમલીકરણને ચાર મહિના સુધી લંબાવવામાં આવ્યું હતું.
- વર્તમાનમાં દેશમાં સોનાની હોલમાર્કિંગ સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે.
- ભારતમાં સોનાના આભૂષણોમાં અન્ય હલકી ધાતુઓની ભેળસેળ દ્વારા થતી છેતરપીંડી અટકાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ઉપરોક્ત નિર્ણય કરવામાં આવ્યો છે.

### ભારતમાં કઈ કેટેગરીના દાગીના વેચી શકાશે ?

1 જૂન, 2021 બાદ ભારતમાં ત્રણ કેટેગરીના હોલમાર્ક ધરાવતા સોનાના દાગીનાનું વેચાણ થઈ શકશે.

- આ ત્રણ કેટેગરીમાં...

(1) 22 કેરેટ અથવા તો 22K916

(2) 18 કેરેટ અથવા તો 18K750

(3) 14 કેરેટ અથવા તો 14K585 નો સમાવેશ થાય છે.

- એટલે કે 21 જૂન, 2021 થી ભારતમાં 22, 18 અને 14 કેરેટની હોલમાર્ક ધરાવતી ગોલ્ડ જ્વેલરીનું જ વેચાણ કરી શકશે.

### ભારતમાં સોનાની શુદ્ધતા

ભારતમાં 22 કેરેટનું સોનું શુદ્ધ ગણાય છે.

- એટલે કે 1 કિલોગ્રામ અથવા 1000 ગ્રામના 24 કેરેટના સોનાના દાગીનામાં સોનાનું પ્રમાણ 1 કિલોગ્રામ અથવા તો 1000 ગ્રામ હોય છે.
- જ્યારે 22 કેરેટના આવા દાગીનામાં સોનાનું પ્રમાણ 0.916 કિલોગ્રામ અથવા 916 ગ્રામ હોય છે અને એ સિવાયનું બાકીનું વજન તાંબુ કે અન્ય ધાતુનું મિશ્રણ હોય છે.

**1000 ગ્રામ વજનમાં સોનાનું પ્રમાણ**

| ક્રમ | કેરેટ | પ્રતિ 1000 ગ્રામ સોનાનું પ્રમાણ |
|---|---|---|
| 1 | 24 | 1000 |
| 2 | 22 | 916 |
| 3 | 18 | 750 |
| 4 | 14 | 585 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સોનાની હોલમાર્કિંગની માન્યતા

**<u>BIS એક્ટ , 2016</u>** દ્વારા ભારતમાં સોનાની હોલમાર્કિંગને ફરજીયાત બનાવ્યું છે.

## BIS વિશે

BIS નું પૂરું નામ Bureau of Indian Standards છે.

- BIS એ 'BIS એક્ટ, 2016' અંતર્ગત સ્થાપિત ભારતની રાષ્ટ્રીય માનાંક સંસ્થા છે.
- જે વસ્તુઓનું <u>માનકીકરણ,ચિહ્નીત અને ગુણવતા પ્રમાણપત્ર</u> જેવી પ્રવૃતિઓના સુમેળપૂર્ણ વિકાસ માટે કાર્ય કરે છે.
- આ ઉપરાંત આ સંસ્થા ઉપરોક્ત વિષયો સંબંધિત આકસ્મિક અથવા વધારાના કેસોના નિયંત્રણ માટે પણ જવાબદાર છે.
- BIS નું વડું મથક નવી <u>દિલ્હી</u> ખાતે આવેલું છે.
- આ અગાઉ 'ભારતીય માનક સંસ્થા' (Indian Standards Institution - ISI) થી ઓળખાતું હતું.
- BIS યુક્ત આભૂષણોની ઓળખાણ માટેના મુખ્ય ચાર ઘટકો છે જે નીચે મુજબ છે.

  (1) BIS લોગો (BIS LOGO)
  (2) ઝવેરીનો લોગો / કોડ
  (3) પરખ કેન્દ્રનો લોગો (Logo of The Assaying Centre )
  (4) સોનાની શુદ્ધતા




1. કયા દિવસે સમગ્ર વિશ્વમાં 'World Art Day' ની ઉજવણી કરવામાં આવે છે.?
(A) 15 એપ્રિલ (B) 16 એપ્રિલ (C) 17 એપ્રિલ (D) 18 એપ્રિલ (A)

2. 'RIIN' કયા રાજ્યના સ્થાનિક લોકોના નાગરિકોનું રજિસ્ટર છે ?
(A) આસામ (B) ત્રિપુરા (C) નાગાલેન્ડ (D) મિઝોરમ (C)

3. નાગાલેન્ડના સ્થાનિક નાગરિકોનું રજિસ્ટર (RIIN) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. તાજેતરમાં નાગાલેન્ડ રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2019માં સ્થગિત થયેલ RIIN પ્રક્રિયાને ફરીથી શરૂ કરવા આદેશ આપ્યા છે.
2. RIIN ને સત્તાવાર નોંધ અથવા રેકોર્ડના આધારે સ્થાનિક રહેવાસી અને વોર્ડ મુજબની સૂચીની મદદથી તૈયાર કરવામાં આવશે.
3. RIINની સૂચી નાગાલેન્ડના દરેક જિલ્લાના વહીવટી તંત્રની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવશે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) 1, 2 અને 3 (D) ફક્ત 2 અને 3 (C)

4. IMFના 'વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટ' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. આ રિપોર્ટ અનુસાર વર્ષ 2021માં મલેશિયા, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, ફિલિપાઈન્સ અને વિયેતનામ જેવા દેશોના અર્થતંત્રમાં 9% ની વૃદ્ધિ થશે.
2. આ રિપોર્ટ મુજબ ઈન્ડો–પેસેફિક સરહદી દેશોમાં વૃદ્ધિ દર 3% થી વધીને 7.6% કરવામાં આવ્યો છે.
3. IMFના જણાવ્યા અનુસાર ભારતમાં 12.5% ની વૃદ્ધિ (વિકાસ દર) નોંધાશે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

5. IMF ની સ્થાપના કયા વર્ષે થઈ હતી ?
(A) 1940 (B) 1945 (C) 1954 (D) 1974 (B)

6. IMFનું વડુમથક કયા સ્થળે આવેલ છે ?
(A) વોશિંગ્ટન ડીસી (B) ન્યૂયોર્ક (C) પેરિસ (D) લંડન (A)

7. કયારથી સોનાના આભૂષણ અને કલાકૃતિ માટે હોલમાર્કિંગ ફરજિયાત બનાવવામાં આવશે ?
(A) 1 જૂન, 2022 (B) 1 જૂન, 2021 (C) 1 જૂન, 2024 (D) 1 જૂન, 2023 (B)

8. કયા એક્ટ અંતર્ગત ભારતમાં સોનાની હોલમાર્કિંગને ફરજિયાત બનાવવામાં આવ્યું છે ?
(A) BIS Act, 2014 (B) BIS Act, 2015 (C) BIS Act, 2019 (D) BIS Act, 2016 (D)

9. BIS નું પૂરું નામ જણાવો ?
(A) Bureau of Indian Standards (B) Brand of Indian Standars
(C) Bureau of International Standards (D) Benificiary of Indian Standars (A)

10. BIS યુક્ત આભુષણો માટે નીચેનામાંથી કઈ ઘટક જરૂરી છે.
1. BIS લોગો 2. ઝવેરીનો લોગો 3. પરખ કેન્દ્રનો લોગો 4. સોનાની શુદ્ધતા
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 16 એપ્રિલ, World Voice Day

## 'આતંકવાદીઓ દ્વારા ઈન્ટરનેટનો દુરુપયોગ' અંગે BRICS દેશોનો સેમિનાર

રાષ્ટ્રીય તપાસ એજન્સી (National Investigation Agency-NIA) દ્વારા તાજેતરમાં BRICS દેશો સાથે 'આતંકવાદીઓ દ્વારા ઈન્ટરનેટનો દુરુપયોગ' કરવા અંગે બે દિવસીય વર્ચ્યુઅલ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

- વર્ષ 2021ના BRICS સંમેલનની અધ્યક્ષતા ભારત કરશે આથી આ સેમિનારની અધ્યક્ષતા પણ ભારતે જ કરી હતી.
- આ સેમિનાર મુખ્યત્વે નવી તકનીકો, કુત્રિમ બુદ્ધિ ટબયલ્લ ડાર્ક વેબ, સોશિયલ મીડિયાનો હથિયાર તરીકે ઉપયોગ, ક્રિપ્ટો કરન્સી, અને વર્ચ્યુઅલ સંપત્તિ વિશે ચર્ચા કરવા માટે યોજવામાં આવ્યો હતો.
- આતંકવાદીઓ ધાર્મિક, રાજકીય અથવા વૈચારિક હેતુઓ માટે હિંસા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. જેમાં ફોટો, વિડિયો, ભાષણો વગેરે સામેલ હોઈ શકે છે જે હિંસા અથવા નફરતને પ્રોત્સાહન આપે છે.
- આ સેમિનારનું ઉદઘાટન કેન્દ્રીય ગૃહ સચિવ શ્રી અજયકુમાર ભલ્લાએ કર્યું હતું.
- આ સેમિનારમાં BRICS દેશોના 40 નિષ્ણાંતોએ વિવિધ તકનીકી અંગે ચર્ચા કરી હતી.

### BRICS

BRICS એ વિશ્વના પાંચ મોટા વિકાસશીલ દેશોનો સમૂહ છે. જેમાં....

B-Brazil

R-Rusia

I-India

C-China

S-South Africa




- જેમાંથી ચાર BRIC દેશો બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન દ્વારા વર્ષ 2006માં આ સમૂહની સ્થાપના કરવામાં આવી હતી.
- જેમાં વર્ષ 2010માં સાઉથ આફ્રિકા પાછળથી સામેલ થયું હતું. ત્યારબાદ BRICS તરીકે ઓળખાયું હતું.
- BRICS દેશોમાં વિશ્વની આશરે 41% વસતીનો સમાવેશ થાય છે.
- BRICS દેશો દ્વારા જુલાઈ 2014માં NDB એટલે કે New Development Bank નામથી એક બેન્કની પણ રચના કરવામાં આવી હતી.
- આ બેન્કનું વડું મથક ચીનના શાંઘાઈમાં આવેલું છે.

### NIA

National Investigation Agency (NIA) એ ભારતની આતંકવાદનો સામનો કરવા માટેની સેન્ટ્રલ એજન્સી છે.

- વર્ષ 2008માં ભારતમાં મુંબઈમાં થયેલા 26/11ના આતંકી હુમલા બાદ આ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ અંતર્ગત 31 ડિસેમ્બર, 2008ના રોજ ભારતીય સંસદ દ્વારા 'નેશનલ ઈન્વેસ્ટિગેશન એક્ટ, 2008' પસાર કરીને 2009માં આ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- ભારત સરકારના ગૃહ મંત્રાલય અંતર્ગત આ એજન્સી કાર્ય કરે છે.

નોંધ : વર્ષ 2019માં 'NIA બિલ, 2019' અંતર્ગત તેમની તપાસના વ્યાપમાં અને સત્તામાં વધારો કરવામાં આવ્યો હતો.

## ભારતનું પ્રથમ સમાનવ અંતરિક્ષ મિશન 'ગગનયાન' અંગે ISROએ ફ્રાન્સ સાથે કરાર કર્યા

ISROએ તાજેતરમાં ફ્રેન્ચ સ્પેસ એજન્સી CNES સાથે કરાર કર્યા હતા.

- આ કરાર મુજબ CNES ભારતનું પ્રથમ સમાનવ અંતરિક્ષ મિશન 'ગગનયાન'માં ભારતને મદદ કરશે.
- ફ્રેન્ચ સ્પેસ એજન્સી ભારતીય દળને અંતરિક્ષ ઉપકરણો પૂરા પાડશે.
- CNES, રેડિયેશન અને શોક શિલ્ડિંગ ડિવાઈસીસ માટે ફાયરપ્રૂફ કૅરી બેગ પણ પ્રદાન કરશે.
- આ કરાર અંતર્ગત CNES ફ્રાન્સમાં ભારતીય ફ્લાઈટ ચિકિત્સકો અને CAPCOM મિશન નિયંત્રણ ટીમોને પણ તાલીમ આપશે.
- CAPCOM એટલે કે 'Capsule communicator' જે અવકાશયાનનું એક કમ્યુનિકેટર છે.
- નોંધનીય છે કે ભારત અને ફ્રાન્સ વચ્ચે અવકાશ સહકારના ક્ષેત્રમાં મજબૂત સંબંધો છે.
- બંને દેશો વચ્ચે વર્ષ 1964માં પ્રથમ અવકાશ કરાર પર હસ્તાક્ષર થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ગગનયાન મિશન વિશે

ગગનયાન મિશનએ ભારતનું સમાનવ અંતરિક્ષ મિશન છે.

- નોંધનીય છે કે આ પ્રથમ માનવ રહિત મિશનને ડિસેમ્બર, 2021 સુધીમાં અવકાશમાં મોકલવામાં આવશે.
- શરૂઆતમાં આ મિશન 2022 સુધીમાં અવકાશમાં મોકલવાની કલ્પના કરવામાં આવી હતી.
- આ મિશન અંતર્ગત એક મહિલા સહિત ત્રણ ભારતીય અવકાશયાત્રી હશે.
- ભારતના પહેલા સમાનવ અંતરિક્ષ મિશન માટે પસંદ થનાર ત્રણ ભારતીયો આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતેના સ્પેસ પોર્ટ ખાતેથી લોન્ચિંગની 16 મિનિટમાં અંતરિક્ષમાં પહોંચી જશે.
- અને આ ત્રણેય ભારતીય અવકાશયાત્રી પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં પાંચથી સાત દિવસ વિતાવશે.
- ત્યારબાદ ગુજરાતના દરિયા કિનારા નજીક અરબી સમુદ્રમાં લેન્ડિંગ કરશે.
- શ્રી હરિકોટા ખાતેથી GSLV MK-3 નામના રોકેટ દ્વારા અવકાશયાત્રીઓને અંતરિક્ષમાં મોકલવામાં આવશે.

## ISRO

ISROનું પૂરું નામ 'ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન' (ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર) છે.

- ઈસરોની સ્થાપના 15 ઓગસ્ટ, 1969ના રોજ થઈ હતી.
- જોકે INCOSPAR (ઈન્ડિયન નેશનલ કમિટી ફોર સ્પેસ રિસર્ચ) રૂપે તેની સ્થાપના વર્ષ 1962માં થઈ હતી.
- ISROનું વડું મથક કર્ણાટકના બેંગલુરુ ખાતે આવેલું છે.
- ISROનું આદર્શ વાક્ય 'માનવ જાતિની સેવામાં અવકાશ ટેક્નોલોજી' છે.
- ISROની વેબસાઈટનું નામ www.isro.gov.in છે.

## વન ડે ક્રિકેટના 50 વર્ષ પૂર્વ નિમિત્તે 'વિઝડન' દ્વારા પ્રત્યેક દાયકાના શ્રેષ્ઠ ક્રિકેટરોની જાહેરાત કરી


વન ડે ક્રિકેટની 50મી વર્ષગાંઠ નિમિત્તે દરેક દશકના પાંચ સર્વશ્રેષ્ઠ વન ડે ક્રિકેટરની જાહેરાત કરવામાં આવી હતી.

- પ્રથમ વન ડે ક્રિકેટ મેચ 5 જાન્યુઆરી, 1971ના રોજ ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ હતી.
- આ પ્રથમ વન ડે મેચ 40-40 ઓવરની હતી.
- આ પ્રથમ વન ડે મેચમાં ઓસ્ટ્રેલિયાનો વિજય થયો હતો.
- નોંધનીય છે કે વન ડે ક્રિકેટ મેચ અને વર્લ્ડ કપ જીતવાના ઈતિહાસમાં ઓસ્ટ્રેલિયા જ પ્રથમ ક્રમે રહ્યું છે તેમ છતાં પણ તેમનો એકપણ ખેલાડી દશકના સર્વશ્રેષ્ઠ ખેલાડીમાં સ્થાન નથી પામ્યા.

**વિઝડન દ્વારા જાહેર કરાયેલ દશકના સર્વશ્રેષ્ઠ ખેલાડીની યાદી**

| ક્રમ | દશક | સન્માનિત ખેલાડી | દેશ |
|---|---|---|---|
| 1 | 1970 થી 1980 | શ્રી વિવયન રિચાર્ડ્સ | વેસ્ટ ઈન્ડિઝ |
| 2 | 1880 થી 1990 | શ્રી કપિલ દેવ | ભારત |
| 3 | 1990 થી 2000 | શ્રી સચિન તેંડુલકર | ભારત |
| 4 | 2000 થી 2010 | શ્રી મુરલીધરન | શ્રીલંકા |
| 5 | 2010 થી 2020 | શ્રી વિરાટ કોહલી | ભારત |

**નોંધ :** (1) ઈંગ્લેન્ડના શ્રી બેન સ્ટોક્સને 'વિઝડન'ના 2021ના અંકમાં શ્રેષ્ઠ ક્રિકેટર જાહેર કરવામાં આવ્યો છે.
(2) શ્રી વિરાટ કોહલીએ 10 વર્ષમાં 11,000થી વધુ રન અને 42 સદી ફટકારી છે.



1. 'World voice Day' સમગ્ર વિશ્વમાં કયા દિવસે ઉજવવામાં આવે છે ?
(A) 15 એપ્રિલ (B) 16 એપ્રિલ (C) 17 એપ્રિલ (D) 18 એપ્રિલ **(B)**

2. 'આતંકવાદીઓ દ્વારા ઈન્ટરનેટનો દુરુપયોગ' અંગે તાજેતરમાં કયા જૂથના દેશોએ વર્ચ્યુઅલ સેમિનાર યોજયો હતો ?
(A) બિમસ્ટેક (B) બ્રિકસ (C) ઈ–9 (D) જી–20 **(B)**

3. વર્ષ 2021ના BRICS સંમેલનની અધ્યક્ષતા કયા દેશ દ્વારા કરવામાં આવશે ?
(A) ભારત (B) રશિયા (C) ચીન (D) બ્રાઝિલ **(A)**

4. BRICS દેશોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) બ્રાઝિલ (B) સાઉથ આફ્રિકા
(C) ચીન (D) બાંગ્લાદેશ **(D)**

5. ભારતનું પ્રથમ માનવરહિત અવકાશ મિશનનું નામ જણાવો ?
(A) મંગળયાન (B) અવકાશયાન
(C) ગગનયાન (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(C)**

6. 'વિઝડન' દ્વારા જાહેર કરાયેલ દશકના સર્વશ્રેષ્ઠ ખેલાડીની યાદી સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
(A) 1980થી 1990ના દશકનું સન્માન શ્રી કપિલ દેવને મળ્યું છે.
(B) 1990 થી 2000ના દશકનું સન્માન શ્રી સચિન તેંડલુકરને મળ્યું છે.
(C) 2010થી 2020ના દશકનું સન્માન શ્રી વિરાટ કોહલીને મળ્યું છે.
(D) ઉપરોક્ત તમામ **(D)**

7. પ્રથમ વન ડે ક્રિકેટ મેચ કયા વર્ષે યોજાઈ હતી ?
(A) 1968 (B) 1971 (C) 1980 (D) 1981 **(B)**

8. પ્રથમ વન ડે મેચ કેટલી ઓવરની હતી ?
(A) 20-20 (B) 30-30 (C) 40-40 (D) 50-50 **(C)**

9. પ્રથમ વન ડે મેચ કયા બે દેશ વચ્ચે યોજાઈ હતી ?
(A) ભારત–ઈંગ્લેન્ડ (B) ઓસ્ટ્રેલિયા–ઈંગ્લેન્ડ
(C) વેસ્ટ ઈન્ડિઝ–ઈંગ્લેન્ડ (D) આફ્રિકા–ઈંગ્લેન્ડ **(B)**

10. વર્ષ 2021માં વન ડે ક્રિકેટની કેટલામી વર્ષગાઠ હતી ?
(A) 50 (B) 75 (C) 100 (D) 85 **(A)**

## દિવસ મહિમા, 17 એપ્રિલ, વિશ્વ હિમોફિલિયા દિવસ

### વિશ્વ હિમોફિલિયા દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 17 એપ્રિલના રોજ 'વિશ્વ હિમોફિલિયા દિવસ' (World Hemophilia Day) ની ઉજવણી કરવામાં આવે છે.

- હીમોફિલિયા એ રક્તસ્ત્રાવને લગતી એક આનુવાંશિક બીમારી છે. તેના વિશે જાગૃતિ લાવવા અને રક્તસ્ત્રાવને લગતી એક અનુવાંશિક વિકારો વિશે જાગૃતિ ફેલાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- હિમોફિલિયાના મુખ્ય ત્રણ સ્વરૂપો છે જે એ, બી અને સી જનીનોના કારણે થાય છે.
- તેના લક્ષણોમાં માથાનો દુખાવો, વારંવાર ઉલટી થવી, ગળાનો દુખાવો, અતિશય નિંદ્રા અને ઈજાથી વારંવાર રકતસ્ત્રાવ થવું વગેરેનો સમાવેશ થાય છે.
- વર્ષ 2021 ની થીમ: 'Adapting to Change : Sustaning Care in a New World' છે.

## ઓડિશામાં ડોલ્ફિન માછલી ની વસતી ગણતરી

તાજેતરમાં ઓડિશા સરકાર દ્વારા ડોલ્ફિનની વસતી ગણતરીને લગતા અંતિમ ડેટા પ્રકાશિત કરવામાં આવ્યા છે, જે મુજબ ડોલ્ફિનની સંખ્યામાં અદ્દભુત વધારો થયો છે.

- આ ડેટા અનુસાર ચિલ્કા તળાવમાં ડોલ્ફિનની વસતી પાછલા વર્ષની તુલનામાં આ વર્ષે બમણી થઈ ગઈ છે.
- ડોલ્ફિનની વસતી ગણતરી દરમિયાન તેની ત્રણ પ્રજાતિઓ ઈરાવડ્ડી ડોલ્ફિન (Irrawaddy Dolphin), બોટલનોઝ ડોલ્ફિન (Bottlenose Dolphin) તથા હંપબૈક ડોલ્ફિન (humpback Dolphin)ની કુલ સંખ્યા 544 નોંધાય છે.
- જે વર્ષ 2019 -20 માં તેની વસતી 233 હતી.
- ઈરાવડ્ડી ડોલ્ફિનની સંખ્યામાં વધારો થવાનું મુખ્ય કારણ ગેરકાયદેસર થતી માછીમારી પ્રવૃત્તિને અટકાવવાનું છે.

### ઇરાવડ્ડી ડોલ્ફિન વિશે

- ઈરાવડ્ડી ડોલ્ફિન દક્ષિણ પૂર્વ એશિયાના દરિયાકાંઠા વિસ્તારોમાં અને ત્રણ મોટી નદી અયારવાડી (મ્યાનમાર), મહાકામ (ઈન્ડોનેશિયા) અને મેકોંગમાં જોવા મળે છે.
- મેકોંગ નદીમાં મળી આવતી ઈરાવડ્ડી ડોલ્ફીન, કંબોડિયા અને લાઓસના ડેમોક્રેટિક રિપબ્લિકની મધ્યમાં મેકોંગ નદીમાં 118 માઈલ દૂર જોવા મળે છે.

### બોટલનોઝ ડોલ્ફિન વિશે

- ઈન્ડો પેસિફિક બોટલનોઝ ડોલ્ફિન સામાન્ય રીતે હિંદ મહાસાગર, દક્ષિણ–પૂર્વ એશિયા અને ઓસ્ટ્રેલિયાના છીછરા કાંઠાના પાણીમાં જોવા મળે છે.
- આ માછલીને IUCN ની રેડ લીસ્ટ, CITES ના પરિશિષ્ટ–1 અને 'વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972' અંતર્ગત સંરક્ષણ મળ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### હંપબૈક ડોલ્ફિન વિશે

હંપબૈક ડોલ્ફિન હિંદ મહાસાગરમાં દક્ષિણ આફ્રિકાથી ભારત સુધીના સમુદ્રમાં જોવા મળે છે.

- આ ડોલ્ફિનને IUCNના રેડ લિસ્ટ, CITESના પરિશિષ્ટ–1 અને 'વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972' અંતર્ગત સંરક્ષણ મળ્યું છે.

### ચિલ્કા તળાવ

ચિલ્કા તળાવ એ ઓડિશાના દરિયા કિનારે આવેલું ભારતનું સૌથી મોટું લગુન સરોવર છે.

- આ સરોવર બંગાળની ખાડીમાં રેતીના એક નાના પટ્ટાથી અલગ પડે છે.
- તે ઓડિશાના પૂરી, ખૂર્દા અને ગંજામ જિલ્લામાં ફેલાયેલ છે તથા દયા નદીના મુખથી બંગાળની ખાડી સુધીના 1100 ચોરસ કિલોમીટરનો વિસ્તાર ધરાવે છે.
- શિયાળામાં ભારતીય ઉપખંડમાં સ્થળાંતર કરનાર પક્ષીઓને આકર્ષિત કરનાર તેમજ વનસ્પતિ અને પ્રાણીઓની અનેક સંકટગ્રસ્ત જાતિઓનું ઘર છે.
- વર્ષ 1981માં ચિલ્કા તળાવને રામસર સંમેલન અંતર્ગત આદ્રભૂમિ (Wetland) વિસ્તાર માં સમાવેશ થયો હતો.
- ચિલ્કા તળાવ ઈરાવડી ડોલ્ફિનનું મહત્વનું આકર્ષણ છે. જે હંમેશા સત્પધા ટાપુ નજીક જોવા મળે છે.

## દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના

આઝાદીના 75 વર્ષ પુરા થવા માટે તાજેતરમાં 'દીનદયાળ ઉપાધ્યાય કૌશલ્ય યોજના'(DDU - GKY) હેઠળ દેશભરમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની બેઠક યોજવામાં આવી હતી.

- ગ્રામીણ વિકાસ મંત્રાલયે (MoRD) વર્ષ 2014માં 'અંત્યોદય દિવસ' પર તેની જાહેરાત કરી હતી.
- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM) હેઠળ માંગ સંચાલિત આયોજન સંબંધિત એક કૌશલ્ય પ્રશિક્ષણ પહેલ છે.
- આવકને વૈવિધ્ય બનાવવા અને ગરીબીમાંથી બહાર આવવા માટે તે સાધન તરીકે કુશળતા તાલીમ અને રોજગાર નો ઉપયોગ કરે છે.
- આ યોજના ગરીબ પરિવારના 15 થી 35 વર્ષ વચ્ચેના ગ્રામીણ યુવાનો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે.

### યોજનાનો મુખ્ય ઉદેશ

- ગ્રામીણ ગરીબ પરિવારોની આવકમાં વિવિધતા લાવવી.
- રોજગારીની તકો શોધતા ગ્રામીણ યુવાનો ને એકત્રિત કરવા.

### ભૂતપૂર્વ વિદ્યાર્થીની બેઠકો

ભૂતપૂર્વ વિદ્યાર્થીની બેઠકો એ આયોજન મહત્વપૂર્ણ ઘટક છે.

- આ કાર્યક્રમ, પૂર્વ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ, કારકિર્દીના ધ્યેયો, તાલીમ પહેલા રોજગાર પડકારો અને તે પછીના લાભો અંગેના અનુભવો શેર કરવા માટેનું વાતાવરણ પૂરું પાડે છે.
- કેટલાક અગાઉના તાલીમાર્થીઓને તેમના કાર્ય સ્થળ પર અનુરૂપ પ્રદર્શન માટેના કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવે છે.

## અંત્યોદય દિવસ

દેશના રાષ્ટ્રવાદી ચળવળના મહાન ચિંતકો અને ફિલસૂફોમાં એક શ્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મ જયંતી નિમિત્તે દર વર્ષે 25 સપ્ટેમ્બર 'અંત્યોદય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- ભારત સરકારે વર્ષ 2014 માં પ્રથમ વખત દિન દયાળ અંત્યોદય યોજનાની આ જાહેરાત કરી હતી.
- અંત્યોદય એટલે 'ગરીબોમાં સૌથી ગરીબનું ઉત્થાન'

## વિશ્વમાં ઇન્ટરનેટના ડેટા અંગે બ્રિટિશ કંપની કેબલનો રિપોર્ટ

બ્રિટિશ કંપની કેબલે વિશ્વમાં ઈન્ટરનેટના ડેટા અંગે રિપોર્ટ તૈયાર કર્યો હતો.

- આ રિપોર્ટ અનુસાર સમગ્ર વિશ્વમાં ઈઝરાયલ દેશમાં સૌથી સસ્તું ઈન્ટરનેટ છે.
- ભારતનો સમાવેશ હવે સૌથી સસ્તું ઈન્ટરનેટ પૂરું પાડનારા દેશોમાં નથી થતો.
- કારણ કે ભારતમાં ટેલિકોમ કંપનીઓએ ડેટાનો ભાવ વધાર્યો છે એટલે હવે સૌથી સસ્તુ ઈન્ટરનેટ આપનારા દેશોના લિસ્ટમાં ભારતનો ક્રમ 28મો નોંધાયો છે.
- ભારતમાં ડેટાનો સરેરાશ ભાવ 0.68 ડોલર (50 રૂપિયા) નોંધાયો છે.
- આ રિપોર્ટ અનુસાર સૌથી સસ્તો ડેટા ઈઝરાયલમાં છે ત્યાં સરેરાશ ભાવ 0.05 ડોલર છે ત્યારબાદ બીજો ક્રમ કિર્ગિઝ્સ્તાનનો છે.
- ભારતમાં વર્ષ 2020માં ડેટાનો સરેરાશ ભાવ 0.09 ડોલર (6.70 રૂપિયા) હતો. તેમાં આ વર્ષે સાડા સાત ગણો વધારો થયો છે.

**સૌથી મોંઘુ ઈન્ટરનેટ**

| ક્રમ | દેશ | 1 - GB નો ભાવ (રૂપિયા) |
|---|---|---|
| 1 | ઈક્વેટોરિયલ ગુયાના | 3700 |
| 2 | ફાલકાલેન્ડ | 3319 |
| 3 | સેંટ હેલેના | 2955 |
| 4 | સાઓ ટોમ | 2306 |
| 5 | માલવી | 1896 |

**સૌથી સસ્તું ઈન્ટરનેટ**

| ક્રમ | દેશ | 1 - GB નો ભાવ (રૂપિયા) |
|---|---|---|
| 1 | ઈઝરાયલ | 3.72 |
| 2 | કિર્ગિઝ્સ્તાન | 11 |
| 3 | ફિજી | 14 |
| 4 | ઈટલી | 20 |
| 5 | સુદાન | 20 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| સૌથી વધારે સ્માર્ટફોન યુઝર્સ ધરાવતા દેશો | | |
|---|---|---|
| ક્રમ | દેશ | ફોન સંખ્યા (કરોડ) |
| 1 | ચીન | 91.2 |
| 2 | ભારત | 43.9 |
| 3 | અમેરિકા | 27 |
| 4 | ઈન્ડોનેશિયા | 16 |
| 5 | બ્રાઝિલ | 10.9 |
| 6 | રશિયા | 9.9 |
| 7 | જાપાન | 7.57 |




1. સમગ્ર વિશ્વમાં કયા દિવસે 'વિશ્વ હિમોફિલિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે?

(A) 15 એપ્રિલ (B) 16 એપ્રિલ (C) 17 એપ્રિલ (D) 18 એપ્રિલ (C)

2. 'વિશ્વ હિમોફિલિયા દિવસ' વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું છે?

(A) હિમોફિલિયા એ રક્તસ્ત્રાવને લગતી એક આનુવંશિક બીમારી છે.

(B) વર્ષ 2021 ની થીમ 'Adapting to Change Sutaning' છે.

(C) (A) અને (B) બન્ને સાચાં

(D) (A) અને (B) બન્ને ખોટાં (C)

3. તાજેતરમાં કયા રાજ્યએ ડોલ્ફિન માછલીની વસ્તી ગણતરી કરી છે ?

(A) કેરળ (B) ઓડિશા (C) તમિલનાડુ (D) પશ્ચિમ બંગાળ (B)

4. ઓડીશા સરકાર વર્ષ 2021 માં ડોલ્ફિન માછલીની કરેલી વસતિ ગણતરી અનુસાર કેટલી ડોલ્ફિન નોંધાય છે?

(A) 501 (B) 544 (C) 506 (D) 521 (B)

5. ચિલ્કા તળાવ કયા રાજ્યમાં સ્થિત છે?

(A) ઓડિશા (B) કેરળ (C) મહારાષ્ટ્ર (D) કર્ણાટક (A)

6. કયા મહાન વ્યક્તિની યાદમાં અંત્યોદય દિવસ ઉજવવામાં આવે છે?

(A) શ્રી પટાભી સીતારામૈયા (B) શ્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાય

(C) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ (D) શ્રી અટલ વિહારી બાજપેઈ (B)

7. વિશ્વમાં કયા દેશમાં સૌથી સસ્તું ઈન્ટરનેટ છે?

(A) ઈઝરાયલ (B) ફિજી (C) ઈટાલી (D) સુદાન (A)

8. વિશ્વમાં સૌથી મોંઘુ ઈન્ટરનેટ કયા દેશમાં છે?

(A) મલાવી (B) સાઓ રોમ (C) સેટ હેલેના (D) ઈક્વેટોરિયલ ગુયાના (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ભારત

### ➤ કેરળમાં શરૂ કરવામાં આવશે "Crushing The Curve" અભિયાન

કેરળ આરોગ્ય વિભાગ દ્વારા "Crushing The Curve" (ક્રશિંગ ધ કર્વ) નામનું એક રસીકરણ અભિયાન શરૂ કરવા જઈ રહ્યું છે. નોંધનીય છે કે કેરળમાં તાજેતરમાં યોજાયેલી વિધાન સભા ની ચૂંટણીઓ પછી COVID-19ના કેસોમાં તીવ્ર વધારો થયો હતો. કેરળનું આરોગ્ય ક્ષેત્ર તાજેતરના સમયમાં સૌથી વધુ સારૂં રહ્યું છે. સપ્ટેમ્બર, 2020માં કેરળે બિન કમ્યુનિકેબલ રોગો (અસ્પષ્ટ રોગોના)ના નિયંત્રણ માટે સયુંક્ત રાષ્ટ્રનો એવોર્ડ પણ મેળવ્યો હતો. આ ઉપરાંત COVID-19 સામે લડવામાં પણ કેરળ સૌથી સફળ રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે.

### ➤ ભુવનેશ્વર કુમારને ICC પ્લેયર ઓફ ધ મંથ નો એવોર્ડ મળ્યો.

ભારતના અનુભવી અને ઝડપી બોલર શ્રી ભુવનેશ્વર કુમારને ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ની લિમિટેડ ઓવર્સ ની સિરીઝમાં શાનદાર પ્રદર્શન બદલ ICCએ માર્ચ મહિનાનો સર્વશ્રેષ્ઠ ખેલાડી ઘોષિત કર્યો છે. ICCનો આ મંથલી એવોર્ડ ત્રીજી વાર ભારતીય ખેલાડીના ફાળે ગયો છે. આ પહેલા રિષભ પંત (જાન્યુઆરી) અને આર. અશ્વિન (ફેબ્રુઆરી) પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ જીતી ચૂકયા છે. ઉલ્લેખનીય છે કે ICC એ આ એવોર્ડ આજ વર્ષથી શરૂ કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ભારતમાં ફેસબુકનો પ્રથમ નવીનીકરણીય પ્રોજેક્ટ

ફેસબુકે તાજેતરમાં કિલનમેકસ નામની સ્થાનિક કંપની પાસેથી ભારતમાં નવીનીકરણીય ઉર્જા ખરીદવા માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ફેસબુકનો આ ભારતનો પ્રથમ નવીનીકરણીય પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ કર્ણાટકમાં સ્થિત છે તથા તેની ક્ષમતા 32 મેગાવોટ જેટલી છે. પ્રોજેક્ટના ભાગરૂપે ફેસબુક અને કિલનમેકસ ભારતના ઈલેકટ્રીક ગ્રીડને નવીનીકરણીય ઊર્જા પૂરી પાડવા માટે સાથે મળીને કાર્ય કરશે.

➤ **એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં વિનેશ ફોગટે ગોલ્ડ મેડલ જીત્યો.**

ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગટ એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો છે. તેણે તાઈપેઈના મેંગ સુન હસિહને હરાવીને આ મેડલ જીત્યો છે. વિનેશ ફોગટે આ અગાઉ ચાર કાસ્ય અને ત્રણ સિલ્વર મેડલ પણ જીત્યા હતા. આ તેમ ત્રીજુ ગોલ્ડ મેડલ છે પરંતુ એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં તેમનું પ્રથમ ગોલ્ડ મેડલ છે. નોંધનીય છે કે વિનેશ ફોગટને વર્ષ 2016માં અર્જુન એવોર્ડ અને વર્ષ, 2020માં રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ મળ્યો હતો.

## વિશ્વ

➤ **દક્ષિણ કેરેબિયનમાં 'LA SOURFRIERE' જ્વાળામુખીમાં વિસ્ફોટ**

દક્ષિણ કેરેબિયન ટાપુ સમૂહ માં પૂર્વ કેરેબિયન ટાપુ પર સ્થિત 'લા સોરફ્રીઅર' 'LA SOURFRIERE' નામના જ્વાળામુખીમાં ઘણા દાયકાની નિષ્ક્રિયતા પછી તાજેતરમાં ફાટી નીકળ્યો હતો. આ જ્વાળામુખી વર્ષ 1979થી નિષ્ક્રિય હતો. વર્ષ 1902માં જ્યારે આ જ્વાળામુખીમાં વિસ્ફોટ થયો હતો ત્યારે 1000 થી વધુ લોકોના મોત થયા હતા. વર્ષ 1718 થી કુલ પાંચ વખત વિસ્ફોટ થયો છે. ફ્રેન્ચ ભાષામાં સોરફ્રીઅર નો અર્થ 'સલ્ફર આઉટલેટ' થાય છે.

➤ **અફઘાનિસ્તાનમાંથી અમેરિકાના તમામ સૈનિકોને હટાવવામાં આવશે**

અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડને જાહેરાત કરી હતી કે અફઘાનિસ્તાનમાંથી અમેરિકાના તમામ સૈનિકોને પાછા બોલાવી લેવામાં આવશે. અમેરિકાના સૈનિકો ઘણા લાંબા અને ખર્ચાળ યુદ્ધ બાદ અફઘાનિસ્તાનમાંથી પરત ફરશે. અલ–કાયદાના 9/11ના હુમલા બાદ વર્ષ 2001માં અમેરિકાએ અફઘાનિસ્તાનમાં સૈન્ય મોકલ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ યુદ્ધમાં અમેરિકાએ 2400 સૈનિકો ગુમાવ્યા છે તથા અંદાજિત 150 લાખ કરોડનો ખર્ચ કર્યો છે.

## ગુજરાત

➤ **મહામંડલેશ્વર વિશ્વંભર પૂજ્ય શ્રી ભારતીબાપુ બ્રહ્મલીન**

ગુજરાતના જાણીતા સંત અને મહામંડલેશ્વર પૂજ્ય શ્રી ભારતીબાપુનું અમદાવાદ સ્થિત સરખેજ આશ્રમ ખાતે 93 વર્ષની વયે નિધન થયું હતું. શ્રી ભારતી બાપુનો જન્મ વર્ષ 1930 માં થયો હતો. તેમણે માત્ર 27 વર્ષની ઉંમરે વર્ષ 1957 માં અવંતિકાભારતી બાપુની નિશ્રા (આશ્રય) હેઠળ શિક્ષા ગ્રહણ કરી હતી. ભારતી બાપુ એ 26 વર્ષ પહેલાં જૂનાગઢમાં ભવનાથ ખાતે આશ્રમની સ્થાપના કરી હતી. પૂજ્ય ભારતીબાપુ ને ગિરનાર પ્રત્યે લાગણી હતી અને ગિરનાર ક્ષેત્રને જ કર્મભૂમિ બનાવી હતી તથા તેમણે અગાઉથી જ તેમનું સમાધિ સ્થળ નક્કી કરી રાખ્યું હતું. તેમનું સમાધિ સ્થળ ભવનાથ ખાતે પોતાના ગુરૂની સમાધિ નજીક રાખવાનું નક્કી કર્યું હતું.

## ICE Questions

- કયાં રાજ્યમાં "CRUSHING THE CURVE" નામનું અભિયાન શરૂ કરવામાં આવશે ? – કેરળ
- તાજેતરમાં કયાં દેશમાં 'LA SOURFRIERE' જ્વાળામુખી વિસ્ફોટ થયો છે ? – દક્ષિણ કેરેબિયન
- 'લા સોરફ્રીઅર' માં સૌપ્રથમ કયા વર્ષે વિસ્ફોટ થયો હતો? – 1902
- ફ્રેન્ચ ભાષામાં સોરફ્રીઅરનો અર્થ શું થાય છે? – સલ્ફર આઉટલેટ
- તાજેતરમાં ગુજરાતના જાણીતા સંત અને ભવનાથ આશ્રમના સ્થાપક કયા સંતનું નિધન થયું છે? – પૂજ્ય શ્રી મહામંડલેશ્વર વિશ્વંભર ભારતીબાપુ
- ICC દ્વારા માર્ચ મહિના 'પ્લેયર ઓફ ધ મંથ'નો એવોર્ડ કયા ભારતીય ખેલાડીને મળ્યો છે ? – શ્રી ભુવનેશ્વર કુમાર
- તાજેતરમાં અમેરિકાએ કયા દેશમાંથી પોતાના સૈનિકોને હટાવવાની જાહેરાત કરી હતી? – અફઘાનિસ્તાન
- એશિયન રેસલિંગ ચેમ્પિયનમાં કઈ મહિલા કુસ્તીબાજે ગોલ્ડ મેડલ જીત્યો છે? – વિનેશ ફોગટ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Question Of this Week

(1) 'વિશ્વ પૃથ્વી દિવસ' (22 એપ્રિલ)ના રોજ કઈ સ્પેસ એજન્સી અંતરિક્ષમાં ચાર અવકાશ યાત્રીઓને મોકલશે? – નાસા (NASA )

(2) કયા દેશ દ્વારા ભારતને S-400 TRIUMF SA-21 GLOWLER સિસ્ટમનો પ્રથમ રેજિમેન્ટલ સેટ આપવાની સંમતિ આપી છે? – રશિયા

(રશિયન સરકારે ભારતને એસ–400 ટ્રાયમ્ફ એસ.એ.–21 ગ્રોલર એર ડિફેન્સ સિસ્ટમનો પ્રથમ રેજિમેન્ટલ સેટ આપવાની સંમતિ આપી છે. ભારત અને રશિયાએ આ સંરક્ષણ પ્રણાલી પર 5.43 અબજ ડોલરના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.)

(3) ભારત સરકારે તાજેતરમાં કઈ નદી પર Ropax Jetty Projectની મંજૂરી આપી છે? – ધામરા

(ધામરા નદી ઓડિશાના ભદ્રક જિલ્લામાં સ્થિત છે. જે બૈત્રણી અને બ્રાહ્મણી નદીઓના સંગમ પર રચાયેલ સંયુક્ત પ્રવાહ છે.)

(4) IMD દ્વારા ચાલુ વર્ષે ચોમાસામાં કેટલા ટકા વરસાદ રહેવાની સામાન્ય ધારણા કરી હતી? – 98%

(5) તાજેતરમાં ટીવી કલાકાર શ્રી સતીશ કોલનું નિધન થયું છે. જે કઈ સિરિયલ સાથે સંકળાયેલા હતા? – મહાભારત

( શ્રી બી. આર. ચોપરાની ટીવી સિરિયલ 'મહાભારત'માં ભગવાન ઈન્દ્રનું પાત્ર ભજવનાર કલાકાર શ્રી સતીશ કોલનું COVID-19ના કારણે નિધન થયું છે. તેઓ મહાભારત ઉપરાંત અન્ય ટીવી સિરિયલો અને ફિલ્મ ક્ષેત્રમાં પણ ભૂમિકા નિભાવી ચૂકયા છે )

(6) અટલ ઈનોવેશન મિશન અંતર્ગત CSIRએ કેટલી અટલ ટિંકરિંગ લેબને અપનાવી છે? –295

(COUNCIL OF SCIENTIFIC AND INDUSTRIAL RESEARCH-CSIRએ તાજેતરમાં અટલ ઈનોવેશન મિશન હેઠળ સ્થાપિત 295 અટલ ટિંકરિંગ લેબને અપનાવી છે. આ લેબ સાથે સંકળાયેલા યુવા નવીનતાઓને અને દેશના સર્વશ્રેષ્ઠ વૈજ્ઞાનિકો પાસેથી શીખવામાં મદદ મળશે.)

(7) ભારતની એકમાત્ર માન્યતા પ્રાપ્ત કઈ યુવા વૈજ્ઞાનિક એકેડેમી એ COVID -19 રસીકરણ જાગૃતિ અંગે અભિયાન શરૂ કર્યુ છે? – INYAS

( વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા તાજેતરમાં COVID 19 રસીકરણ અંગે જાગૃતિ અભિયાન શરૂ કર્યુ છે. આ અભિયાન 'INYAS' <u>( INDIAN NATIONAL YOUNG ACADEMY OF SCIENCE )</u> દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનમાં મોબાઈલ એપ્લિકેશન 'COVANEWS' નો ઉપયોગ કરવામાં આવશે. )

(8) તાજેતરમાં કયા દેશમાં સંસ્કૃત અધ્યયન માટે 'LITTELE GURU' નામની એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે? – બાંગ્લાદેશ

(9) U.A .Eએ તેમની પ્રથમ મહિલા અવકાશયાત્રી તરીકે કોની પસંદગી કરી છે? – નુરા– અલ– માતરોશી (માટ્રોશી)

(નુરા– અલ– માતરોશીને U.A .Eની પ્રથમ મહિલા અવકાશયાત્રી તરીકે પસંદગી કરવામાં આવી છે. ભવિષ્યના અવકાશ સંશોધન માટે તેમને નાસા સાથે તાલીમ આપવામાં આવશે.)

(10) તાજેતરમાં કોણે '<u>INDIA ENERGY DASHBOARD VERSION 2.0</u>' લોન્ચ કર્યુ છે ? – નીતિ આયોગ

(તાજેતરમાં નીતિ આયોગે <u>INDIA ENERGY DASHBOARD VERSION 2.0</u> લોન્ચ કર્યુ છે. જે દેશમાં ઉર્જાનો વપરાશ, ભાવો, ઉત્પાદન અને વિતરણ સંબંધિત એક જ વિન્ડો પ્રદાન કરશે <u>INDIA ENERGY DASHBOARD VERSION 2.0</u> ને વર્ષ 2017માં લોન્ચ કરવામાં આવ્યું હતું.)

(11) સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO)ના નિષ્ણાતોએ તાજેતરમાં કઈ રસી ની કટોકટી સમયે ઉપયોગ કરવાની ભલામણ કરી છે? – Sputnik V

(CDSOના નિષ્ણાતોએ COVID-19ની રસી 'સ્પુટનિક વી' (Sputnik V )ને કટોકટી સમયે ઉપયોગ કરવાની મંજૂરી આપવાની ભલામણ કરી હતી. નોંધનીય છે કે Sputnik V એ ભારતમાં ઉપલબ્ધ ત્રીજી COVID-19ની રસી છે .)

(12) તાજેતરમાં કઈ ફિલ્મએ જુદા જુદા ક્ષેત્રમાં 4 'BAFTA' એવોર્ડ જીત્યા હતા ? – નોમાડલેન્ડ (Nomadlend)

(નોમાડલેન્ડ ફિલ્મે એ તાજેતરમાં 4 BAFTA એવોર્ડ જીત્યા છે. BAFTA એટલે કે, બ્રિટિશ એકેડેમી ઓફ ફિલ્મ એન્ડ આર્ટ્સ. નોમાંડલેન્ડને બેસ્ટ ફિલ્મ, બેસ્ટ ડિરેકટર,બેસ્ટ એકટ્રેસ અને બેસ્ટ સિનેમેટોગ્રાફી એવોર્ડ મળ્યો હતો. BAFTAએ વિશ્વના અન્ય સૌથી મોટા પુરસ્કારમાનો એક છે.)

(13) તાજેતરમાં વડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદીએ કયા દેશની 100મી વર્ષગાંઠ નિમિત્તે અભિનંદન પાઠવ્યા હતા ? – જોર્ડન

(14) સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કયા જહાજને તોડવાની મંજૂરી આપી ? – INS વિરાટ

(તાજેતરમાં સુપ્રીમ કોર્ટે INS વિરાટને તોડવાની મંજૂરી આપી છે. નોંધનીય છે કે થોડા સમય પહેલા સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી .જેમાં જણાવ્યું હતું કે INS વિરાટને સંગ્રહાલયમાં તબદીલ કરવામાં આવે પરંતુ સુપ્રીમ કોર્ટે આ અરજી ફગાવી દીધી છે. અને જણાવ્યું હતું કે આ અરજી વિલંબથી દાખલ કરવામાં આવી છે.)

(15) તાજેતરમાં ભારતીય હોકી ટીમના કયા ભૂતપૂર્વ હોકી ખેલાડીનું નિધન થયું છે? – શ્રી બલબીરસિંઘ જુનિયર

(ભારતીય ટીમના પૂર્વ હોકી ખેલાડી શ્રી બલબીરસિંઘનું તાજેતરમાં 88 વર્ષની વયે અવસાન થયું છે. શ્રી બલબીરસિંઘનો જન્મ વર્ષ 1932માં જલંધરના સંસાપુરમાં થયો હતો.)

(16) તાજેતરમાં આસામમાં કયા પક્ષીની વસતી ગણતરી શરૂ કરવામાં આવી છે? – બોહાગ બિહુ (Bohag Bihu)

(17) તાજેતરમાં કયા દેશે નાણાકીય કંપનીઓ માટે આબોહવા પરિવર્તન અંગેનો અધિનિયમ રજુ કર્યો હતો. – ન્યુઝીલેન્ડ

(18) તાજેતરમાં પોર્શે (PORSCHE) વર્ષ 2022 સુધી 'ઈ–ફ્યુઅલ' (eFUAL) બનાવવવા માટે કોની સાથે જોડાણ કર્યુ છે? – સિમેન્સ એનર્જી

(ઓટોમોબાઈલ કંપની પોર્શે (PORSCHE) વર્ષ 2022 સુધી ઈ–ફ્યુઅલ બનાવવવા માટે સિમેન્સ એનર્જી (SIMENS ENERGY) સાથે જોડાણ કર્યુ છે. ઈ–ફ્યુઅલ (e-FUAL) એ એક જટિલ હાઈડ્રોકાર્બન છે. ઈ–ફ્યુઅલનો ઉપયોગ કોઈપણ કારમાં થઈ શકે છે.)

(19) ભારતના કૃષિ મંત્રાલયે ખેડૂત કલ્યાણ માટેના પાયલોટ પ્રોજેક્ટને અમલમાં મુકવા માટે કોની સાથે સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યા છે? - માઈક્રોસોફ્ટ

(20) ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારે તાજેતરમાં ભારતના લોકોને માનસિક સ્વાસ્થ્ય ને પ્રોત્સાહન આપવા માટે કઈ એપ્લિકેશન શરૂ કરી છે? – MANAS

(આ એપ્લિકેશન 'MANAS' નું પૂરું નામ 'MENTAL HEALTH AND NORMALCY AUGMENTATION SYSTEM' છે.

(21) PM CARES FUND હેઠળ કેટલી નવી હોસ્પિટલમાં ઓકિસજન પ્લાન્ટ આપવામાં આવશે ? – 100

(22) તાજેતરમાં અમેરિકાના આરોગ્ય અધિકારીઓએ કઈ કંપનીની COVID 19–રસીનો રોલ આઉટ અટકાવ્યો છે ? – જોન્સન એન્ડ જોન્સન

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT